સુવર્ણપુરીના સ્વાધ્યાયમંદિરની દિવાલોના ચિત્રો ઉપર આધારિત

# જૈન પૌરાણિક લઘુકથાઓ

## ભાગ – ૧




પ્રકાશક

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**

સોનગઢ–૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦

ભગવાનશ્રીકુંદકુંદ-કહાનજૈનશાસ્ત્રમાળા, પુષ્પ—૨૨૭

ૐ

નમઃ સદ્ગુરુવે ।

સુવર્ણપુરીના સ્વાધ્યાયમંદિરની દિવાલોના ચિત્રો ઉપર આધારિત

# જૈન પૌરાણિક લઘુકથાઓ

## (ભાગ—૧)

卐

—: પ્રકાશક :—

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,

સોનગઢ—૩૬૪૨૫૦

website : www.kanjiswami.org

Email : contact@kanjiswami.org

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦**

પ્રથમ આવૃત્તિ　　પ્રત : ૩૦૦૦　　વિ.સં. ૨૦૬૭　　ઈ.સ. ૨૦૧૦

જૈન પૌરાણિક લઘુકથાઓ (ગુજરાતી)ના

**સ્થાયી પ્રકાશન પુરસ્કર્તા**

શ્રી રમણીકલાલ લાલચંદ દોશી, ભદ્રેશ રમણીકલાલ દોશી તથા

ઈન્દુમતી રમણીકલાલ દોશીની સ્મૃતિમાં

હસ્તે શ્રીમતી સ્મિતાબેન નરેન્દ્રભાઈ બાવીસી, ઘાટકોપર-મુંબઈ

આ પુસ્તકની પડતર કિંમત રૂા. ૩૭=૦૦ થાય છે. અનેક મુમુક્ષુઓની આર્થિક સહાયથી આ આવૃત્તિની કિંમત રૂા. ૨૫=૦૦ રાખવામાં આવેલ છે.

**કિંમત રૂા. ૨૫=૦૦**

મુદ્રક


**કહાન મુદ્રણાલય**

સોનગઢ ૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

✆ (02846) 244081

**Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250**

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



પરમ પૂજ્ય અધ્યાત્મમૂર્તિ સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# પ્રકાશકીય નિવેદન

પરમોપકારી અધ્યાત્મયુગસ્રષ્ટા આત્માનુભવી સત્પુરુષ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ પોતાની અનુભવરસભીની વાણીમાં અધ્યાત્મરસગર્ભિત જિનેન્દ્રકથિત ચારે અનુયોગના સુમેળપૂર્વક દ્રવ્યાનુયોગની મુખ્યતાથી ઉપદેશગંગા વહાવી; જેમાં સ્નાન કરી ભરતક્ષેત્રના લાખો ભવ્ય જીવો પોતાનું આત્મહિત સાધવા ઉત્સુક બન્યા; જેના કારણે સોનગઢ એક અધ્યાત્મ અતિશય ક્ષેત્ર સુવર્ણપુરી તરીકે વિશ્વપ્રસિદ્ધ તીર્થધામ બન્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રભાવના ઉદયે સુવર્ણપુરીમાં સ્વાધ્યાયમંદિર, જિનમંદિર, સમવસરણ મંદિર, માનસ્તંભ, પ્રવચન મંડપ, પરમાગમ મંદિર, નંદીશ્વર જિનાલય આદિ ભવ્ય જિનાયતનોની રચના થઈ, સુવર્ણપુરીમાં નિર્માણ થયેલા આયતનોમાં પૂજ્ય ગુરુદેવશ્રીનાં અનન્ય ભક્ત, સ્વાનુભવવિભૂષિત, પૂજ્ય બહેનશ્રી ચંપાબેને મુખ્યપણે પોતાના પ્રથમાનુયોગના શાસ્ત્રજ્ઞાનના આધારે વિવિધ પૌરાણિક ચિત્રો કોતરાવ્યા તથા દોરાવ્યાં. દરેક ચિત્રોમાં મુખ્યરૂપે નિર્ગ્રંથ મુનિ ભગવંતો અને જિનેન્દ્ર ભગવંતોનું સ્વરૂપ આવી જાય તે રીતે તેઓશ્રીએ ચિત્રો પસંદ કરેલ છે. જેથી તેઓની સંવેગાદિ ભાવનાઓથી આયતનો શોભી ઉઠ્યાં અને આ આયતનોનાં દર્શન કરનાર ભાવિકોને સુવર્ણપુરીમાં વિવિધ પુરાણ આધારિત કથાઓનું રસાસ્વાદન કરવાનો અને પોતામાં સંવેગ અને આસ્તિક્ય આદિ ભાવનાઓ કેળવવાનો લાભ પણ મળ્યો છે.

કેટલાક મુમુક્ષુઓની ભાવનાને લક્ષમાં લઈને સોનગઢથી પ્રકાશિત થતા હિન્દી આત્મધર્મમાં પૂજ્ય બહેનશ્રીની વીતરાગી મહાપુરુષો પ્રતિનો આદર, શ્રદ્ધા, ભક્તિ જોઈ મુમુક્ષુઓમાં પણ એ ભાવ ઉતરી આવે તેથી આ ચિત્રોને અનુલક્ષીને આચાર્યદેવોરચિત પુરાણોમાંથી કથાઓ આપવાનું બાલવિભાગમાં શરૂ કરવામાં આવ્યું હતું. ભવ્ય સાધકજીવોની આ કથાઓ વાંચતાં કેટલાક મુમુક્ષુઓએ આ કથાઓ સચિત્ર પુસ્તકરૂપે બહાર પાડવાની માગણી કરી હતી. જેના ફળસ્વરૂપે સુવર્ણપુરીના સ્વાધ્યાયમંદિરમાં આલેખાયેલા સાત ચિત્રોની સાત કથાઓનું ''જૈન પૌરાણિક લઘુકથાઓ ભાગ–૧''નામનું આ રંગીન સચિત્ર પુસ્તક પ્રકાશિત કરવામાં આવે છે. આગળ જતાં અન્ય મંદિરોમાં આલેખાયેલાં ચિત્રોના આધારે પણ કથાઓનાં આવાં જ પુસ્તકો પ્રકાશિત કરવાની શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢની ભાવના છે.

આ પુસ્તક તૈયાર કરવામાં બા.બ્ર. શ્રી વ્રજલાલભાઈ શાહ વઢવાણવાળાએ પ્રૂફ સંશોધન તથા ઉપયોગી માર્ગદર્શન આપેલ છે તેથી તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનવામાં આવે છે. આ પુસ્તકના સુંદર ચિત્રો શ્રી જયદેવભાઈ અગ્રાવતે બનાવેલ છે તથા આ પુસ્તકનું આકર્ષક છાપકામ કહાન મુદ્રણાલય દ્વારા કરવામાં આવ્યું છે.

આ પુસ્તકમાં કથાઓ ટુંકાણમાં સ્વાધ્યાયમંદિરમાં આલેખાયેલ વિગતોની મર્યાદામાં આપવામાં આવેલ છે વિશેષ અભ્યાસ માટે જિજ્ઞાસુઓએ જૈનધર્મના મૂળ પુરાણોનો અભ્યાસ કરવો આવશ્યક છે. આશા છે કે મુમુક્ષુ સમાજને આ સચિત્ર કથા પુસ્તિકા મહાપુરુષો પ્રતિ પોતાની ભાવના, ભક્તિ, આદરરૂપ સહજ જીવન ઘડવામાં કાર્યકારી નિવડશે.

કુંદકુંદાચાર્ય 'આચાર્યપદવી દિન'
તા. ૨૮-૧૨-૨૦૧૦

સાહિત્યપ્રકાશનસમિતિ
**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,**
સોનગઢ-(સૌરાષ્ટ્ર)

# સુરેન્દ્રો આવો....સ્વાધ્યાયમંદિરે ઊતરો

(સુવર્ણપુરી સ્થિત શ્રી જૈન સ્વાધ્યાયમંદિરના ઉદ્‌ઘાટન પ્રસંગે રચાયેલ સ્તુતિ)

સુરેન્દ્ર આવો ગગનના સ્વાધ્યાયમંદિરે ઊતરો;
ભગવાન શ્રી કુન્દકુન્દના જયનાદ ગજવો જગતમાં.
અધ્યાત્મમૂર્તિ 'કહાન'ના જયનાદ ગજવો જગતમાં..... ૧.

ગુરુરાજ આપ પધારીને, સ્વાધ્યાય-દ્વાર ખોલાવિયાં;
કુન્દકુન્દકૃત સમયસારના જયનાદ ગાજ્યા જગતમાં.....સુરેન્દ્ર૦ ૨.

મા! તું અમારી સરસ્વતી, સ્થાપન થયું મા! તાહરું,
શી શી કરું તારી સ્તુતિ, તું જીવનદાત્રી ભગવતી.....સુરેન્દ્ર૦ ૩.

સત્યાર્થ વસ્તુ પ્રકાશકર, શાસન તણા સિંહ-કેસરી;
કુન્દકુન્દકૃત પ્રાભૃત તણી સરિતા વહાવી રાજવી.....સુરેન્દ્ર૦ ૪.

ભગવાન શ્રી કુન્દકુન્દ ને સમયસારજી દાતાર છો;
શાસ્ત્રો તણા મર્મજ્ઞ છો, સાક્ષાત્ શ્રી ગુરુકહાન છો.....સુરેન્દ્ર૦ ૫.

સંગીત મધુર રેલાવવા સ્વર્ગીય વાદ્યો સાથમાં,
આવો ગવૈયા સ્વર્ગના, સુવર્ણના મેદાનમાં.....સુરેન્દ્ર૦ ૬.

રે! આવજો, સહુ આવજો, ગ્રંથાધિપતિ-ગુણગાનમાં;
રે! આવજો, સહુ આવજો, ગુરુકહાનના સ્તુતિગાનમાં;
લઈ ભાગ આજ હોંશથી, જયવંત હોજો જીવનમાં.....સુરેન્દ્ર૦ ૭.

ભાગ્યે પધાર્યા ભરતમાં, (નિત્ય) ગુરુજી બિરાજ્યા સ્વર્ણમાં;
સાંનિધ્ય મળિયાં સંતનાં, અહો! ભવિક-તારણહારનાં.....સુરેન્દ્ર૦ ૮.

અદ્‌ભુત અનુપમ જ્ઞાન છે, ચિદરસભરી ગુરુવાણ છે;
મહિમાભર્યા ગુરુરાજ છે, ચિંતિત ફળ દાતાર છે.....સુરેન્દ્ર૦ ૯.


*

# શ્રી જૈન સ્વાધ્યાયમંદિર પરિચય





પૂજ્ય ગુરુદેવશ્રીનું જીવન તેમ જ તેમનો સદુપદેશ પ્રથમથી જ અધ્યાત્મતત્ત્વથી ઓતપ્રોત હતો. તેઓ પોતાના હૃદયમાં ઘૂંટાયેલાં તીર્થંકરદેવનાં વચનામૃત મુમુક્ષુ શ્રોતાઓને પ્રવચનમાં પીરસતા ને ન્યાલ કરતા. જેથી જિજ્ઞાસુઓનો પ્રવાહ સોનગઢ તરફ વધતો જતો હતો. 'પરિવર્તન' સ્થળ 'સ્ટાર ઑફ ઈન્ડિયા' નાનું પડવા માંડ્યું. વધુ માણસો થઈ જાય ત્યારે પ્રવચન આપવાની અગવડ પડતી. પર્યુષણમાં તો પહેલેથી જ બીજે સ્થળે જવું પડતું હતું આ રીતે મકાનમાં માણસોનો સમાવેશ નહિ થતો હોવાથી ભક્તોએ વિ. સં. ૧૯૯૪(ઈ.સ. ૧૯૩૮)માં, પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો અને તેમનાં જ્ઞાન, ધ્યાન ને નિવાસ માટે સાધનાતીર્થ 'શ્રી જૈન સ્વાધ્યાયમંદિર'નું નિર્માણ કર્યું. અહા! શી તેની ભવ્યતા! દૂરથી જોનારને સમુદ્રમાં તરતી સ્ટીમર જ લાગે! અહા! શો તેનો આનંદકારી મંગલ ઉદ્‌ઘાટન-અવસર!




ભક્તોએ પૂજ્ય ગુરુદેવશ્રીને તેમાં પધારવા પ્રાર્થના કરી ત્યારે સત્‌ના પ્રેમી અત્યંત નિસ્પૃહ,

નિરાગી એવા તે મહાત્માએ કહ્યું કે "કઈ ક્ષણે વૈરાગ્યની ધૂનમાં હું જંગલમાં ચાલ્યો જાઉં તે ખબર નથી, મારે મઠના રૂપે આને સંભાળવું નથી." ત્યારે ભક્તોએ અશ્રુભીના હૃદયથી અત્યંત નમ્રતાથી પ્રાર્થના કરી કે "પ્રભુ! આપ ઈચ્છો ત્યાં સુધી રહેજો પરંતુ અમારી ભાવના પૂરી કરો." પૂજ્ય ગુરુદેવશ્રીએ ભક્તોની વિનંતીનો સ્વીકાર કરતા ભક્તોની ભાવના પૂરી થઈ.

આ ભવ્ય પ્રસંગે ભક્તોને કોઈ અનેરો આનંદોલ્લાસ હતો. સ્વાધ્યાયમંદિરની શણગાર-સજાવટ ખૂબ સુંદર કરવામાં આવી હતી. ઉદ્‌ઘાટન પહેલાં અગાઉથી ભક્તો

*'ધર્મધ્વજ ફરકે છે મોરે મંદિરિયે;*
*સ્વાધ્યાયમંદિર સ્થપાયા અમ આંગણિયે'.*

એ ગીત ગાતાં ગાતાં પ્રભાતફેરી સ્વાધ્યાયમંદિરે આવતાં અને સમયસારના ગોખ પાસે બેસીને બહુ ભાવથી 'જય સમયસાર, જય સમયસાર' એ ભક્તિ ગાતા હતા. ઉદ્‌ઘાટનના દિવસે —વૈશાખ વદ ૮, રવિવારના શુભદિને સવારે મુમુક્ષુસંઘ સ્વાધ્યાયમંદિર પધારવા માટે પૂજ્ય ગુરુદેવશ્રીએ વાજતે ગાજતે શોભાયાત્રાપૂર્વક 'સ્ટાર ઑફ ઈન્ડિયા' તેડવા ગયો હતો. ત્યાંથી શોભાયાત્રાપૂર્વક આવતાં, બહેનશ્રીના ઘર પાસે બહેનોનો સમૂહ, પૂજ્ય બહેનશ્રીના હાથમાં ચાંદીના થાળમાં પ્રતિષ્ઠેય 'સમયસાર' બિરાજમાન કરી શોભાયાત્રામાં જોડાયો હતો. સર્વપ્રથમ માંગલિકપૂર્વક 'સ્વાધ્યાયમંદિર'નું ઉદ્‌ઘાટન શ્રી નાનચંદભાઈ ખારાના શુભ હસ્તે થયું. પછી પ્રવચનકક્ષમાં ભવ્ય ગોખ વિષે



પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના પવિત્ર કરકમળે, પૂજ્ય ગુરુદેવશ્રીની કૃપાભીની આજ્ઞાથી, સમયસારની ભવ્ય પ્રતિષ્ઠા થઈ. પ્રતિષ્ઠાવિધિ બ્ર૦ શીતલપ્રસાદજીએ કરાવી હતી.

તે આનંદકારી પ્રસંગે પ્રવચન આપતાં, પૂજ્ય ગુરુદેવશ્રીને અંતરમાં અતિઉલ્લાસ આવી જતાં, તેમણે કહ્યું : **સમયસાર આ ભરતક્ષેત્રનું સર્વોત્કૃષ્ટ શાસ્ત્ર છે. તેની પ્રત્યેક ગાથા મોક્ષ આપે એવી અદ્ભુત છે! 'ભગવાન કુંદકુંદાચાર્યદેવનો અમારા પર ઘણો ઉપકાર છે, અમે તેમના દાસાનુદાસ છીએ'.—એમ પૂજ્ય ગુરુદેવશ્રીએ અંતરના ભક્તિભીના અહોભાવથી કહ્યું : વળી તેમણે વિશેષપણે ભારપૂર્વક કહ્યું કે : ભગવાન કુંદકુંદાચાર્યદેવ મહાવિદેહક્ષેત્રમાં સર્વજ્ઞવીતરાગ શ્રી સીમંધરભગવાનના સમવસરણમાં ગયા હતા અને ત્યાં આઠ દિવસ રહ્યા હતા. તે વિષે અણુમાત્ર પણ શંકા નથી. શ્રી કુંદકુંદાચાર્યદેવના વિદેહગમન વિષે તેમણે અત્યંત દૃઢતાપૂર્વક ભક્તિભીના હૃદયથી પોકાર કરીને કહ્યું કે—'કલ્પના કરશો નહિ, ના કહેશો નહિ, એ વાત એમ જ છે; માનો તોપણ એમ જ છે, ન માનો તોપણ એમ જ છે; યથાતથ વાત છે, અક્ષરશઃ સત્ય છે, નજરે જોયેલી પ્રમાણસિદ્ધ છે.'** આ રીતે ઉદ્ઘાટન થતાં, પહેલા જ પ્રવચનમાં ધર્મની પ્રભાવનામાં કારણભૂત થાય એવી ગુપ્ત ગંભીર વાતનો, ભગવાન કુંદકુંદાચાર્યદેવના મહિમાના સંદર્ભમાં, પૂજ્ય ગુરુદેવશ્રીએ ગૂઢ સંકેત કર્યો. જાણે સનાતન સત્ય સ્વાનુભૂતિપ્રધાન વીતરાગ દિગંબર જૈનધર્મની પુનિત પ્રભાવનાનો મંગળ સ્તંભ રોપતા હોય એવો તે ભવ્ય પ્રસંગ હતો.

તે વખતે પૂજ્ય ગુરુદેવશ્રીને સમયસારના પ્રણેતા ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ પ્રત્યે ઘણો જ ભક્તિભાવ અંતરમાંથી ઊછળી ગયો હતો. ભક્તિભાવ વ્યક્ત કરતાં સાથે બીજા કોઈ ગૂઢ ગંભીર અને ગુપ્તભાવોનો સંકેત પણ પૂજ્ય ગુરુદેવશ્રીએ આપ્યો હતો; તથા પવિત્રતામાં ચંપાબેનને અંતરના કોઈ અહોભાવથી 'ભગવતી બહેનશ્રી'—એ બહુમાનસૂચક અસાધારણ વિશેષણથી બિરદાવ્યાં હતાં. ત્યારથી ચંપાબેન 'ભગવતી બહેનશ્રી ચંપાબેન' એ વિશેષણસ્વરૂપ બહુમાનાર્થ નામથી મુમુક્ષુસમાજમાં પ્રસિદ્ધ થયાં.

❀

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦

## સ્વાનુભવવિભૂષિત ધન્યાવતાર
## પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન



તુજ જ્ઞાનધ્યાનનો રંગ અમ આદર્શ રહો;
હો શિવપદ તક તુજ સંગ, માતા! હાથ ગ્રહો.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250


# અનુક્રમણિકા



મહાબલ રાજાનું હૃદય પરિવર્તન
પાના નં. 11



ધર્મપ્રેમી ચેલણા
પાના નં. 24



ધન્ય વૈરાગ્ય
પાના નં. 33




ચારિત્રમોહની વિચિત્રતા
પાના નં. 36



ભગવાન મલ્લિનાથ
પાના નં. 47



ધર્માત્મા પ્રદ્યુમ્ન
પાના નં. 53




ધન્ય તે હાથી
પાના નં. 66

# મહાબલ રાજાનું હૃદય પરિવર્તન

મધ્યલોકવર્તી જંબૂદ્વીપના પશ્ચિમ વિદેહક્ષેત્રમાં ગંધિલ નામનો દેશ છે. તેના મધ્યભાગમાં વિજયાર્ધ પર્વત છે. તે પર્વતની ઉત્તર શ્રેણીમાં એક 'અલકા' નામની શ્રેષ્ઠ પુરી અર્થાત્ નગરી છે. તેનો રાજા ઘણો ધર્મિષ્ઠ અને પુણ્યશાળી હતો. તેનું નામ 'અતિબલ' હતું.

તે અતિબલ રાજા જેવા વીર, પરાક્રમી, યશસ્વી, દયાળુ અને નીતિ-નિપુણ રાજાઓ પૃથ્વીતલ પર બહુ ઓછા હતા. તેમની નીતિ-નિપુણતા અને પ્રજા વત્સલતા ચારે તરફ પ્રસિદ્ધ હતી. તેઓ ક્યારેક સૂર્ય સમાન અત્યંત તેજસ્વી થઈને શત્રુઓને સંતાપ પહોંચાડતા હતા. તો ક્યારેક ચંદ્રમાની જેમ શાંત વૃત્તિથી પ્રજાનું પાલન કરતા હતા. તેની નિર્મળ કીર્તિ ચારે બાજુ વ્યાપી રહી હતી. રાજા અતિબલના વ્યક્તિત્વ સામે બધા વિદ્યાધર નરેશો પોતાનું શીશ નમાવતા હતા. તેઓ સમુદ્રથી ઘણા ગંભીર અને મેરૂથી પણ અધિક દૃઢ હતા, બૃહસ્પતિથી પણ અધિક વિદ્વાન તથા સૂર્યથી પણ અધિક તેજસ્વી હતા. મહારાજા અતિબલની રાણીનું નામ મનોહરા હતું. મનોહરાનું જેવું નામ હતું તેવું જ તેનું સુંદર રૂપ પણ હતું. 'મનોહરા'ના મુખચંદ્ર સામે પૂર્ણિમાનો ચંદ્ર પણ લજ્જા પામતો હતો. તેનો સંપૂર્ણ દેહ તપાવેલાં સુવર્ણની જેમ ચમકતો હતો. કોઈ તેને એકાએક જુએ તો તેને વિદ્યાધરી કહેવાનું સાહસ ન કરી શકે ? પરંતુ તેને કોઈ દેવાંગના જ માની લે તેવી ખરેખર તે 'મનોહરા' રાણી અદ્વિતીય સુંદરી હતી. રાજા અતિબલ રાણી મનોહરા સાથે અનેક પ્રકારના સુખ ભોગવતા થકા આનંદથી પોતાનો સમય વ્યતીત કરતા હતા. થોડા સમય પછી



મહાબલ રાજા તેમના ચાર મંત્રીઓની રાજ્ય-કાર્યમાં સલાહ લે છે.
તેમાં સ્વયંબુદ્ધ મંત્રી જૈન છે અને બાકીના ત્રણ વિધર્મી છે.

મનોહરાની કૂંખેથી એક બાળકે જન્મ લીધો. બાળકના જન્મ સમયે અનેક શુભ શુકનો થયા. રાજા અતિબલે દીન-દરિદ્રો માટે કિમિચ્છક દાન આપ્યું તેમ જ પ્રજાએ અનેક ઉત્સવો ઉજવ્યા. બાળકની વીર ચેષ્ટાઓ જોઈને રાજા અતિબલે તેનું નામ મહાબલ રાખ્યું. તેની અદ્ભુત બાળલીલાઓ જોઈ તથા મીઠી બોલી સાંભળી માતાનો આનંદ સમાતો ન હતો. તે બાળકની બુદ્ધિ ઘણી જ તીક્ષ્ણ હોવાથી અલ્પવયમાં તેણે સમસ્ત વિદ્યાઓ શીખી લીધી. પુત્રની ચતુરાઈ અને નીતિ-નિપુણતા જોઈને રાજા અતિબલે તેને યુવરાજ બનાવી દીધો અને પોતે ઘણા જ નિશ્ચિંત થઈને ધર્મધ્યાન કરવા લાગ્યા.


એકવાર કારણ પ્રાપ્ત થતાં મહારાજા અતિબલનું મન સંસારથી વિરક્ત થઈ ગયું. તેમને પંચેન્દ્રિયોના વિષયો ક્ષણભંગુર અને દુઃખદાયક લાગવા માંડ્યા. બાર ભાવનાઓનું ચિંતવન કરી તેઓએ જિન-દીક્ષા ધારણ કરવાનો દૃઢ નિર્ણય કરી લીધો. પછી મંત્રીઓ, સામંતો વગેરે સમક્ષ પોતાનો વિચાર જણાવી મહાબલને રાજ્ય તથા અનેક પ્રકારના ધાર્મિક અને નૈતિક ઉપદેશ આપી કોઈ નિર્જન વનમાં જઈ તેઓએ જિન-દીક્ષા ધારણ કરી લીધી. મહારાજા અતિબલ સાથે અનેક વિદ્યાધર રાજાઓએ પણ જિન-દીક્ષા અંગીકાર કરી લીધી.

એક બાજુ આત્મશુદ્ધિ માટે મહારાજા (મુનિરાજ) અતિબલ કઠોરથી કઠોર તપ કરવા લાગ્યા અને બીજી બાજુ રાજા મહાબલ પણ નીતિપૂર્વક પ્રજાનું પાલન કરવા લાગ્યા. રાજા મહાબલની શાસન-પ્રણાલી પર સમસ્ત પ્રજા મુગ્ધચિત્ત રહેતી હતી. ધીરે-ધીરે રાજા મહાબલનું યૌવન વિકાસ પામવા લાગ્યું. તેમના શરીરની શોભા ઘણી જ વિચિત્ર થઈ ગઈ હતી. તેમનું સુંદર રૂપ જોઈ સ્ત્રીઓનું મન કામથી આકુલિત થઈ જતું હતું. તેથી મંત્રીઓ વગેરેની સલાહથી યોગ્ય કુલીન વિદ્યાધર કન્યાઓ સાથે તેમનાં લગ્ન થઈ ગયાં. હવે રાજા મહાબલ ધર્મ-અર્થ અને કામનું સમાનરૂપે સેવન કરવા લાગ્યા. તેમને મહામતિ,

સંભિન્નમતિ, શતમતિ અને સ્વયંબુદ્ધ નામના ચાર મંત્રીઓ હતા. તે ચારેય રાજ્યકાર્યમાં ઘણા જ ચતુર હતા. રાજા મહાબલ જે પણ કાર્ય કરતા હતા તે મંત્રીઓની સલાહથી કરતા હતા. તેથી રાજ્યમાં કોઈપણ પ્રકારની મુશ્કેલીઓ આવતી નહોતી.

ઉપર જે ચાર મંત્રીઓની વાત કરેલ છે, તેમાં સ્વયંબુદ્ધ સિવાયના બાકીના ત્રણ મંત્રી મિથ્યાદૃષ્ટિ હતા, તેથી તે રાજા મહાબલ તથા સ્વયંબુદ્ધ વગેરે સાથે ધાર્મિક બાબતોમાં વિદ્વેષ રાખતા હતા, પરંતુ રાજા મહાબલને તેમનાથી રાજનીતિમાં કોઈ મુશ્કેલી પડતી નહોતી. સ્વયંબુદ્ધ મંત્રી સાચો જિન-ભક્ત હતો, તે નિરંતર રાજા મહાબલના હિતચિંતનના જ વિચાર કરતો.

એકવાર અલકાપુરીમાં રાજા મહાબલની વર્ષ-ગાંઠનો ઉત્સવ ઉજવાઈ રહ્યો હતો. વાજિંત્રોના શબ્દોથી આકાશ ગુંજી ઉઠ્યું હતું, તથા ચારે તરફ સ્ત્રીઓનાં મધુર ગીતો સંભળાઈ રહ્યાં હતાં. એક વિશાળ સભામંડપ તૈયાર કરાયો હતો, જેની સજાવટ સામે ઈન્દ્રભવનની સજાવટ પણ ઝાંખી લાગે તે પ્રકારે તે સજાવવામાં આવ્યો હતો. તે મંડપમાં સુવર્ણના એક ઊંચા સિંહાસન પર મહારાજા મહાબલ આસીન થયા હતા. તેમની આજુબાજુ મંત્રીગણો બિરાજમાન હતા, તેમ જ મંડપની બાકીની જગ્યા દર્શકોથી ખીચોખીચ ભરાઈ ગઈ હતી. લોકોનાં હૈયાં આનંદથી ઉછળી રહ્યાં હતાં. વિદ્વાનોનાં વ્યાખ્યાનો અને તત્ત્વચર્ચાઓથી તે સભા ખૂબ જ ઉત્તમ પ્રકારની લાગતી હતી. સમય જોઈને મહામતિ, સંભિન્નમતિ અને શતમતિ મંત્રીઓએ અનેક કલ્પિત યુક્તિઓથી જીવ-અજીવનું ખંડન કરી દીધું. સ્વર્ગ-મોક્ષનો અભાવ બતાવ્યો તેમ જ મિથ્યાત્વની વૃદ્ધિ કરવાવાળી અનેક વિપરીત ક્રિયાઓનો ઉપદેશ આપ્યો, તેથી સમસ્ત સભામાં ક્ષોભ વ્યાપી ગયો અને લોકો અંદરો-અંદર કાના-ફુંસી કરવા લાગ્યા. આ જોઈ રાજા મહાબલની આજ્ઞા લઈ તે મંત્રીઓની યુક્તિઓનો



મહાબલ રાજાનો જન્મદિવસ રાજસભામાં મોટા મહોત્સવરૂપે ઉજવાઈ રહ્યો છે ત્યાં તેમના વિધર્મી મંત્રીઓ કુયુક્તિથી જૈનધર્મનું ખંડન કરે છે જ્યારે સ્વયંબુદ્ધ મંત્રી કુશળતાથી તે કુયુક્તિઓનું ખંડન કરી જૈનમતને યથાર્થ ઠરાવે છે. તેનાથી સભાજનો અત્યંત પ્રસન્ન થાય છે.

વિરોધ કરવા માટે સ્વયંબુદ્ધ મંત્રી ઊભા થયા, તેથી સર્વત્ર શાંતિ સ્થપાઈ ગઈ. લોકો ચૂપચાપ તેમનું વ્યાખ્યાન સાંભળવા લાગ્યા, સ્વયંબુદ્ધે અનેક યુક્તિઓ દ્વારા જીવ-અજીવ વગેરે તત્ત્વોનું સમર્થન કર્યું તેમ જ સ્વર્ગ-મોક્ષ વગેરે પરલોકનો સદ્ભાવ સિદ્ધ કરી બતાવ્યો. તત્ત્વ પ્રતિપાદનના વિષયમાં સ્વયંબુદ્ધ મંત્રીની અનોખી રીત અને અકાટ્ય યુક્તિઓથી સર્વજનો મોહિત થઈ ગયા અને ધન્ય ધન્ય પોકારવા લાગ્યા, તે જ સમયે સ્વયંબુદ્ધે પાપ અને ધર્મનું ફળ બતાવતાં રાજા મહાબલને અનુલક્ષીને ચાર કથાઓ સંભળાવી. જે ટૂંકમાં નીચે પ્રમાણે વર્ણવવામાં આવે છે.

(૧)

હે રાજન્ ! થોડાક સમય પહેલાં આપના નિર્મળ વંશમાં અરવિંદ નામના એક રાજા થઈ ગયા છે. તેમની રાણીનું નામ વિજયાદેવી હતું. વિજયારાણીને બે પુત્રો હતાં પહેલો હરિચંદ્ર અને બીજો કુરુવિંદ. આ બંને પુત્રો મોટા વિદ્વાન હતા. રાજા અરવિંદ દીર્ઘ સંસારી જીવ હતા, તેથી તેમનું ચિત્ત સતત પાપકર્મોમાં જ લાગી રહેતું હતું, જેના ફળસ્વરૂપે તેમને નરકાયુનો બંધ થઈ ગયો હતો. આયુના અંતે રાજા અરવિંદને દાહજ્વર થઈ ગયો, તેની બળતરાથી તેઓ અત્યંત વ્યાકુળ થઈ ગયા. રોગના ઘણા ઉપચારો કરવામાં આવ્યા, પરંતુ તેમને આરામ થયો નહીં. પાપના ઉદયથી તેમની સમસ્ત વિદ્યાઓ નષ્ટ થઈ ગઈ હતી. તેમને ઉત્તર કુરુક્ષેત્રના સુંદર બગીચામાં ફરવાની ઈચ્છા થઈ, પરંતુ આકાશગામિની વિદ્યા નષ્ટ થઈ જવાથી લાચાર થઈને બેસી જવું પડ્યું. મોટા પુત્ર હરિચંદ્રએ પોતાની વિદ્યા દ્વારા તેમને ઉત્તરકુરુ મોકલવાની ઈચ્છા કરી, પરંતુ તેની વિદ્યા પણ સફળ ન થઈ ત્યારે રાજા અરવિંદ હતાશ થઈને શય્યા પર પડ્યા રહ્યા.

એકવાર એક ઘટના ઘટી. દિવાલ પર બે ગરોળીઓ લડી રહી હતી.

લડતા-લડતા એકની પૂંછડી કપાઈ ગઈ, તેથી તેના લોહીનાં બે-ચાર ટીપાં રાજા અરવિંદના શરીર પર પડ્યાં. લોહીના ટીપાં પડતાં જ રાજા અરવિંદને કાંઈક શાંતિનો અનુભવ થયો, તેથી તેમને લાગ્યું કે જો તેઓ લોહીની વાવડીમાં સ્નાન કરે તો તેમનો રોગ મટી જાય. આ પ્રમાણે વિચારી તેઓએ લઘુપુત્ર કુરુવિંદને લોહીની વાવડી બનાવવા કહ્યું. કુરુવિંદ પિતાનો જેટલો આજ્ઞાકારી હતો એનાથી ઘણો વિશેષ ધર્મી હતો, તેથી તેણે પિતાની આજ્ઞાનુસાર એક વાવડી બનાવડાવી, પરંતુ તેને લોહીથી ભરવાને બદલે લાલરંગથી ભરાવી દીધી અને પિતાને જઈને કહ્યું, કે "આપની આજ્ઞાનુસાર વાવડી તૈયાર છે." લોહીની વાવડી જોતાં જ રાજા અરવિંદ ઘણા જ હર્ષિત થયા અને તેમાં સ્નાન કરવા કુદી પડ્યા. પરંતુ જેવો તેમણે કોગળો કર્યો કે તરત જ તેમને ખબર પડી ગઈ કે આ લોહી નથી, પરંતુ લાખનો રંગ છે. કુરુવિંદના આ કાર્ય પર એમને એટલો ક્રોધ આવ્યો કે તેઓ તલવાર લઈ તેને મારવા માટે દોડ્યા, પરંતુ બિમારીને કારણે બહુ દોડી ન શક્યા અને વચ્ચે જ પોતાની તલવારની ધાર પર જ પડી ગયા. તલવારની ધારથી રાજા અરવિંદનું ઉદર વિદીર્ણ થઈ ગયું, તેથી મરીને તેઓ નરકગતિમાં પહોંચી ગયા. સત્ય છે કે મરતી વખતે પ્રાણીઓને જેવા ભાવ થાય તેવી જ તેમની ગતિ થાય છે.

(૨)

હે નરેન્દ્ર ! કેટલાક સમય પહેલાં આપના આ જ વંશમાં એક દંડ નામના રાજા થઈ ગયા. તેમણે પોતના પ્રચંડ પરાક્રમથી સમસ્ત વિદ્યાધરોને વશમાં કરી લીધા હતા. જોકે રાજા દંડ શરીરથી વૃદ્ધ થઈ ગયા હતા, તોપણ એમનું મન વૃદ્ધ થયું નહોતું. તેઓ રાત-દિવસ વિષયોની ઈચ્છામાં જ લાગ્યા રહેતા હતા. તેમને મણિમાલી નામનો એક આજ્ઞાકારી પુત્ર હતો. જીવનના શેષકાળમાં રાજ્યનો ભાર મણિમાલીને સોંપી તેઓ અંતઃપુરમાં રહેવા લાગ્યા અને અનેક

પ્રકારના ભોગ ભોગવવા લાગ્યા. કોઈ સમયે તીવ્ર સંક્લેશભાવથી રાજા દંડનું મૃત્યુ થઈ ગયું. મરીને તેઓ પોતાના ભંડારમાં જ વિશાળકાય અજગર થયા. તે અજગર ભંડારમાં મણિમાલી સિવાય કોઈને પ્રવેશવા દેતો નહોતો. એકવાર મણિમાલીએ તે અજગર વિશે કોઈ મુનિરાજને વાત કરી. મુનિરાજે અવધિજ્ઞાનથી જાણીને કહ્યું, કે "આ અજગર આપના પિતા દંડ વિદ્યાધરનો જીવ છે. આર્તધ્યાનના કારણે તેમને આ કુયોનિ પ્રાપ્ત થઈ છે." આ સાંભળી મણિમાલી તુરત જ ભંડારમાં ગયો અને ત્યાં અજગરના સામે બેસી તેને સારી રીતે સમજાવવા લાગ્યો; તેથી તેને પોતાના પૂર્વભવનું સ્મરણ થઈ ગયું અને વિષયોની લાલસા છૂટી ગઈ. પુત્રના ઉપદેશથી તેણે સર્વ વેરભાવ છોડી દીધો અને અંતે સંન્યાસપૂર્વક મરણ પ્રાપ્ત કરી દેવપર્યાયની પ્રાપ્તિ કરી. સ્વર્ગેથી આવીને દેવે મણિમાલીના ગળામાં એક સુંદર હાર પહેરાવ્યો હતો. જે આજે આપના ગળામાં પણ શોભાયમાન છે. સત્ય છે કે—વિષયોની અભિલાષાથી મનુષ્ય અનેક પ્રકારના કષ્ટ ઉઠાવે છે અને વિષયોના ત્યાગથી સ્વર્ગ વગેરેનાં સુખ પ્રાપ્ત કરે છે.

(૩)

હે રાજન્ ! આપના દાદા શતબલ પણ ઘણા લાંબાકાળ સુધી રાજ્ય સુખ ભોગવ્યા પછી આપના પિતા રાજા અતિબલને રાજ્ય આપી ધર્મ-ધ્યાન કરવા લાગ્યા હતા અને અંતે સમાધિપૂર્વક દેહ છોડીને માહેન્દ્ર સ્વર્ગમાં દેવ થયા હતા. આપને પણ યાદ હશે કે જ્યારે આપણે બંને મેરૂપર્વતના નંદનવનમાં રમતા હતા ત્યારે દેવશરીરધારી દાદાએ કહ્યું હતું, કે "જૈનધર્મને ક્યારેય ભૂલશો નહીં તે જ સર્વ સુખોનું કારણ છે."


(૪)

આ જ પ્રમાણે આપના પિતા અતિબલના દાદા સહસ્રબલ પણ પોતાના

પુત્ર શતબલને રાજ્ય આપી નગ્ન દિગંબર મુનિ થઈ ગયા હતા અને કઠણ તપસ્યા દ્વારા આત્મશુદ્ધિ કરી શુક્લધ્યાનના પ્રતાપથી પરમધામ મોક્ષસ્થાનને પ્રાપ્ત થયા.

આ કથાઓ પ્રાયઃ બધા જ લોકોને પરિચિત અને અનુભૂત હતી તેથી સ્વયંબુદ્ધ મંત્રીની વાત પર કોઈને પણ અવિશ્વાસ ન થયો. રાજા અને પ્રજાએ સ્વયંબુદ્ધનો ઘણો જ સત્કાર કર્યો. મહામતિ વગેરે ત્રણ મંત્રીઓના ઉપદેશથી જે કાંઈ વિભ્રમ ફેલાઈ ગયો હતો; તે સ્વયંબુદ્ધના ઉપદેશથી દૂર થઈ ગયો. આ પ્રકારે રાજા મહાબલની વર્ષગાંઠનો ઉત્સવ હર્ષ-ધ્વનિ સાથે સમાપ્ત થયો.


એક દિવસે સ્વયંબુદ્ધ મંત્રી અકૃત્રિમ ચૈત્યાલયોની વંદના કરવા માટે મેરુ પર્વત ઉપર ગયા અને ત્યાં સમસ્ત ચૈત્યાલયોના દર્શન કરી પોતાનું સફળ ભાગ્ય માનતા થકા તેઓ સૌમનસ વનમાં બેઠા જ હતા; એટલામાં પૂર્વવિદેહક્ષેત્ર અંતર્ગત આવેલા કચ્છ દેશના અનિષ્ટ નામના નગરેથી આવેલા બે મુનિરાજો પર તેમની દૃષ્ટિ પડી. તે મુનિઓમાં એકનું નામ આદિત્ય મુનિ અને બીજાનું નામ અરિંજય હતું. સ્વયંબુદ્ધે ઊભા થઈને મુનિરાજોનું સ્વાગત કર્યું અને વિનયપૂર્વક પ્રણામ કરી તત્ત્વોનું સ્વરૂપ પૂછ્યું : હે નાથ! અમારી અલકા નગરીમાં સર્વ વિદ્યાધરોનો અધિપતિ જે મહાબલ નામનો રાજા રાજ્ય કરે છે, તે ભવ્ય છે કે અભવ્ય ? મંત્રીનો પ્રશ્ન સાંભળી આદિત્યમતિ મુનિરાજે કહ્યું, કે “હે મંત્રી ! રાજા મહાબલ ભવ્ય છે. કારણ કે ભવ્ય જ તારા વચનોનો વિશ્વાસ કરી શકે. તને રાજા મહાબલ ઘણી જ શ્રદ્ધાની નજરથી જુએ છે. તે દસમા ભવમાં જમ્બૂદ્વીપના ભરતક્ષેત્રમાં ચતુર્થ યુગનો પ્રારંભ થતાં ઋષભનાથ નામના પહેલા તીર્થંકર થશે, સકલ સુરેન્દ્રો તેની સેવા કરશે અને તે પોતાના દિવ્ય ઉપદેશથી સંસારના સમસ્ત પ્રાણીઓનું કલ્યાણ કરશે. હવે હું રાજા મહાબલના પૂર્વભવનું વર્ણન કરું છું, જેમાં તેણે સુખ ભોગવવાની ઈચ્છાથી ધર્મનું બીજ વાવ્યું હતું તે ધ્યાનથી સાંભળો.”



મહાબલ રાજાના સ્વયંબુદ્ધ મંત્રી મેરુ પર્વતના અકૃત્રિમ જિનાલયોના દર્શન-પૂજન કરે છે.

પશ્ચિમ વિદેહમાં શ્રી ગંધિલ નામનો દેશ છે અને તેમાં સિંહપુર નામનું એક સુંદર નગર છે. ત્યાં કોઈ સમયે રાજા શ્રીષેણ રાજ્ય કરતા હતા. તેમની રાણીનું નામ સુંદરી હતું. રાજા શ્રીષેણને જયવર્મા અને શ્રીવર્મા નામના બે પુત્રો હતા. તેમાં શ્રીવર્મા નામનો નાનો પુત્ર સૌને પ્રિય હતો. રાજા શ્રીષેણે પ્રજાના આગ્રહથી લઘુપુત્ર શ્રીવર્માને રાજ્ય આપી દીધું તથા ધર્મધ્યાનમાં લીન થઈ ગયા. જ્યેષ્ઠ પુત્ર જયવર્માથી આ અપમાન સહન ન થયું; તેથી તે સંસારથી ઉદાસ થઈ મુનિ થઈ ગયો તથા વિષયભોગોથી વિરક્ત થઈને ઉગ્ર તપ કરવા લાગ્યો. એક દિવસ જ્યાં તે મુનિરાજ જયવર્મા ધ્યાન લગાવીને બેઠા હતા, ત્યાંથી આકાશમાર્ગે વિચરણ કરતો વિદ્યાધરોનો કોઈ રાજા જઈ રહ્યો હતો. જેવી જયવર્માની દૃષ્ટિ તેના પર પડી કે તુરત જ તેનામાં રાજા બનવાની અભિલાષાએ ફરી ઘર કરી લીધું. એક તરફ જયવર્મા રાજ-ભોગોની કલ્પનામાં મગ્ન થઈ રહ્યો હતો ત્યારે જ દરમાંથી નીકળેલા એક સાપે તેને ડંખ માર્યો; જેથી તે મરીને રાજા મહાબલ થયા છે. પૂર્વભવની અતૃપ્ત વાસનાથી રાજા મહાબલ અત્યારે પણ દિવસ-રાત ભોગોમાં લીન રહ્યા કરે છે.

આ પ્રમાણે રાજા મહાબલનો પૂર્વભવ સંભળાવ્યા બાદ મુનિરાજ આદિત્યમતિએ સ્વયંબુદ્ધ મંત્રીને કહ્યું, કે આજે રાજા મહાબલે બે સ્વપ્ન જોયાં છે; કે "મને સંભિન્નમતિ વગેરે મંત્રીઓએ બળપૂર્વક કાદવમાં નાખી દીધો છે; પછી સ્વયંબુદ્ધ મંત્રીએ તે દુષ્ટોને ધમકાવીને મને કાદવમાંથી બહાર કાઢ્યો અને સોનાના સિંહાસન પર બેસાડી નિર્મલ જળથી સ્નાન કરાવ્યું છે તથા એક દીપકની જ્યોતિ પ્રતિક્ષણ ક્ષીણ થઈ રહી છે." રાજા મહાબલ આ સ્વપ્નોનું ફળ તને અવશ્ય પૂછશે. તો તું જઈને પૂછ્યા પહેલાં જ કહી દેજે કે પ્રથમ સ્વપ્નનો સંકેત એ છે, કે આપનું સૌભાગ્ય પ્રગટ થશે અને બીજા સ્વપ્નનો સંકેત એ છે કે આપનું આયુષ્ય હવે એક જ માસ બાકી રહી ગયું લાગે છે. આ પ્રમાણે




મેરુ પર્વત ઉપર સ્વયંબુદ્ધ મંત્રી વિદેહથી આવેલા આદિત્ય મુનિ તથા અરિંજય મુનિની વંદના કરે છે તથા તેમની પાસેથી ધર્મબોધ સાંભળી પોતાના રાજા મહાબલ વિષે પ્રશ્ન પૂછી જાણકારી મેળવે છે. તથા નગરમાં આવી મુનિઓ સાથે થયેલી વાતચિત પોતાના રાજાને સંભળાવે છે.

કરવાથી તેનો તારા પરનો વિશ્વાસ દઢ થઈ જશે, તેથી તું જે પણ તેના હિતનો માર્ગ બતાવીશ તેને તે શીઘ્ર જ સ્વીકાર કરી લેશે. આટલું કહીને બંને મુનિરાજો આકાશમાર્ગે વિહાર કરી ગયા અને સ્વયંબુદ્ધ મંત્રી હર્ષિત થતો થકો અલકાપુરી આવી ગયો. ત્યાં મહાબલ સ્વયંબુદ્ધની પ્રતીક્ષા કરી રહ્યા હતા, સ્વયંબુદ્ધે સત્વરે જઈને તેમના બંને સ્વપ્નોનું ફળ મુનિરાજે બતાવ્યું હતું તેવું કહી સંભળાવ્યું તથા તેમને સમયોપયોગી અને ધાર્મિક ઉપદેશ આપ્યો. મંત્રીના કહેવાથી રાજા મહાબલને દઢ નિશ્ચય થઈ ગયો કે હવે તેનું આયુષ્ય માત્ર એક માસ જ બાકી રહ્યું છે. તે સમય અષ્ટાહ્નિકાના વ્રતનો હતો, તેથી રાજાએ જિનમંદિરમાં આઠ દિવસ મોટો ઉત્સવ કર્યો અને તેમને સંન્યાસની વિધિ મંત્રી સ્વયંબુદ્ધ બતાવતા હતા. અંતે પંચ નમસ્કાર મંત્રનો જાપ કરતા થકા રાજા મહાબલ નશ્વર મનુષ્ય શરીરનો પરિત્યાગ કરી ઐશાન સ્વર્ગના શ્રીપ્રભ વિમાનમાં દેવપર્યાયના અધિકારી થયા.

આ પ્રમાણે મહાબલ રાજા ઉત્તમ ભાવો કરતા થકા દશમા ભવે આપણા ભરતક્ષેત્રમાં આ ચોવીસીના પ્રથમ તીર્થંકર ઋષભદેવ થઈ મોક્ષપદને પામ્યા.

❁

# ધર્મપ્રેમી ચેલણા

રાજા ચેટકની પુત્રી ચેલણાને માયાચારીપૂર્વક એવું કહેવામાં આવ્યું હતું, કે રાજા શ્રેણિક જૈનધર્મના ઘણા જ દૃઢ શ્રદ્ધાની છે. મુખ્યપણે જિનપ્રણીત ષટ્આવશ્યકોમાં જ પ્રવર્તનમય જ તેમનું જીવન છે તથા તેઓ લગ્નને યોગ્ય ઉંમરના છે, અનેક વૈભવોના ધારક છે તેમ જ અજાતશત્રુ છે ત્યારે ચેલણા તેમની સાથે લગ્ન કરવા તૈયાર થઈ અને (તેમની સાથે) લગ્ન પણ કર્યાં.

જ્યારે તેણે જોયું કે રાજમહેલમાં પવિત્ર જિનધર્મની પૂજાની વાત તો દૂર રહો કોઈ તેનું નામ પણ લેવાવાળું નથી ત્યારે તેનું અંતર વિષાદથી ભરાઈ ગયું. તેનો અંતરાત્મા હાહાકાર કરી ઉઠ્યો. તેની નિર્મળ વિવેકબુદ્ધિ કંપી ઉઠી, તે આના શોકમાં ચિંતાગ્રસ્ત રહેવા લાગી. તેના ફળસ્વરૂપે તેના વિષાદની પ્રગાઢ કાલિમાથી તેનાં સર્વાંગ મલીન થવા લાગ્યાં. તે વિચારવા લાગી, અરે! જે સ્થાનમાં હિંસાયુક્ત ત્રણ મૂઢતા સાથે મિથ્યાજ્ઞાનની પૂજા થઈ રહી છે, આઠ પ્રકારના અભિમાન સહિત લોક-પરલોકમાં દુઃખ પ્રદાન કરવાવાળા બૌદ્ધ ધર્મની બોલબાલા છે, ત્યાં સુખ-શાંતિની છાયાની કલ્પના પણ ક્યાંથી થઈ શકે ? હાય ! મેં અભયકુમારનું શું બગાડ્યું હતું, કે જેથી તેણે છળ પ્રપંચ દ્વારા ધર્માચરણની મૃગજાળ દેખાડીને મારા નિષ્કપટ હૃદયને પોતાની વાક્જાળમાં ફસાવી દીધું. જ્યાં જિનધર્મનો વાસ નથી તેને ભલા ઉત્તમસ્થાન કઈ રીતે કહેવાય? તે તો પક્ષીઓના માળા સમાન છે. મહારાજા શ્રેણિકના અપાર ધન-વૈભવની ઝાકમઝાળમાં પોતાનું જીવન ગુમાવવાથી તો પરલોકમાં ઘોર દુઃખ જ સહેવું પડશે. એ સત્ય છે કે આ રાજમહેલમાં મને સમસ્ત સુખો ભોગવવા મળે છે, પરંતુ આ વિલાસિતાનું અંતિમ પરિણામ ભયંકર સર્પના દંશ-સમાન ઘાતક સિદ્ધ થશે. ભોગનું જીવન ક્ષણિક સુખદાયક હોય છે, પરંતુ અંતે તેનાથી નરકાદિની


પ્રાપ્તિ થાય છે. ત્યારે ત્યાં તો અનેક વિપત્તિઓ તથા ભયંકર વેદનાઓને સહન કરવી પડશે.

સંસારમાં નિર્ધન થવું સારું છે, પરંતુ ચક્રવર્તીનું વિશાળ સામ્રાજ્ય પ્રાપ્ત કરીને જો ધર્મરહિત જીવન વ્યતીત કરવું પડે તો તે સર્વથા છોડવાયોગ્ય છે. લોકો કહે છે કે સંસારમાં વૈધવ્યનું જીવન વ્યતીત કરવું તે સૌથી કઠોર દંડ છે, પરંતુ ખરેખર જોવામાં આવે તો વૈધવ્ય એટલું દુઃખદાયક નથી જેટલું લોકો સમજે છે. એનું કારણ એ છે, કે સન્માર્ગે જવાવાળા પતિનું કદાચિત્ મૃત્યુ થઈ જાય તો એવી દશામાં સ્ત્રીનું વૈધવ્ય જીવન અવશ્ય શોકપ્રદ છે; પરંતુ જો પતિનું જીવન કુમાર્ગમાં વ્યતીત થતું હોય તો કદાચિત તે મરી પણ જાય તો તે સ્ત્રીનું વૈધવ્ય જીવન દરેક પ્રકારે કઈ રીતે હેય હોઈ શકે ? હાય! ભયંકરથી ભયંકર કષ્ટ સહન કરવું ઉત્તમ છે, સંસારમાં સંતાન રહિત વાંઝણી નામથી સંબોધિત થવું શ્રેષ્ઠ છે, સળગતી જ્વાળામાં બળી મરી ભસ્મીભૂત થવું શ્રેયકર છે, વિષપાન કરી પ્રાણત્યાગ પણ હિતકારક છે, ભયંકર ઝેરી સર્પના દંશઘાતથી મૃત્યુ પસંદ કરવું તે શ્લાઘનીય છે; પરંતુ જિનધર્મ રહિત જીવન ક્ષણમાત્રમાં પણ કદાપિ વ્યતીત ન કરવું જોઈએ. જિનધર્મથી રહિત જીવન વ્યતીત કરવાને બદલે હું તો પહાડની ઊંચી ટોચ પરથી કૂદીને અથવા તો લહેરાતા સમુદ્રના ગર્ભમાં ડૂબીને અથવા તો ખડ્ગના તીક્ષ્ણ ઘાથી મૃત્યુ થવું શ્રેયસ્કર સમજું છું. મને જિનધર્મથી રહિત જીવન કદાપિ સ્વીકાર્ય નથી. જોકે સ્ત્રીને માટે પતિનું પદ દેવતુલ્ય માનવામાં આવે છે. જો કે તે ગમે તેટલો ગુણવાન હોય પણ જો જૈનધર્મી ન હોય તો તેની સાથે રહેવામાં સ્ત્રીને પાપની ભાગીદાર બનવું પડે છે. હાય ! હાય ! મેં પૂર્વ જન્મમાં એવું ક્યું પાપ કર્યું હશે; કે જેના કારણે આ જન્મમાં મારે જિનધર્મ રહિત જીવન વ્યતીત કરવું પડે છે ? હે ભગવાન ! અહીં આવીને મેં પોતાના આલોક અને પરલોક બંનેને નષ્ટ કરી દીધા, પરમ હિતકારી જૈનધર્મથી મારો સંબંધ વિચ્છેદ થઈ ગયો. હે પ્રભુ ! મને આ ક્યા જન્મના પાપનો દંડ મળ્યો છે ? હે અભયકુમાર ! તેં ખરેખર મારા જેવી ભલી ભોળી નારી સાથે ઘોર વિશ્વાસઘાત

કર્યો છે. હાય! મારું શેષ જીવન નારકીય બનાવી દીધું છે? સ્વર્ગલોકતુલ્ય જન્મભૂમિથી લાવીને મને ક્યાં આ નરકકુંડમાં પટકી છે? શું તારા માટે આવું નિંદિત કાર્ય કરવું ઉચિત હતું? ગ્રંથોમાં સ્ત્રીઓને 'અબળા' કહેવામાં આવી છે. આજે મારી સામે આ કથનની સત્યતા સ્વયંસિદ્ધ થઈ ગઈ. હે ભગવાન! ખરેખર અમે સ્ત્રીઓ અબળા જ છીએ જે સત્ય લોકોએ દેખાડેલા મૃગજળ દ્વારા સહેજમાં છેતરાઈ જઈએ છીએ અને અંતે ઠોકર ખાઈને પછતાઈએ છીએ, પરંતુ 'અબ પછતાયે હોત ક્યા, જબ ચિડિયા ચુગ ગઈ ખેત'વાળી લોકોક્તિ મારી સાથે લાગુ થાય છે. હું એ સમજી શકતી નથી કે જે વ્યક્તિ પોતાના કપટમય આચરણથી કોઈ નિર્દોષને પોતાની ચુંગાલમાં ફસાવી દે છે તેમનો આ ભવસાગરથી કઈ રીતે ઉદ્ધાર થઈ શકશે? કોઈ અજાણી વ્યક્તિને પથભ્રષ્ટ કરવાવાળાની ગણના મહાપાપીરૂપે થાય છે.

આ પ્રમાણે પોતાના પિતા ચેટકને ત્યાંના ધર્મમય વાતાવરણને સ્થાને પતિ (રાજા શ્રેણિક)ની ધર્મરહિત રાજગૃહી નગરીને જોઈ સોચ-વિચારમાં નિમગ્ન થઈને ચેલણા શોક સાગરમાં ડૂબવા લાગી. તેના હૃદયનો ધૈર્યરૂપી બંધ તૂટી ગયો, તેને અંતરમાં અસીમ વેદનાની અનુભૂતિ થવા લાગી. તેના ફળ સ્વરૂપે તેનાથી કરૂણ રૂદન પ્રારંભ થઈ ગયું. મહારાણી ચેલણાની આવી શોચનીય અવસ્થા જોઈ તેની સમસ્ત સખીઓ એકદમ ભયભીત થઈ ગઈ. તેમને એ રહસ્ય ન સમજાયું કે મહારાણીએ એકાએક કેમ મૌન ધારણ કરી લીધું છે? વસ્તુતઃ મહારાણી ચેલણાએ સર્વથી વાતચીત છોડી દઈ જિનેન્દ્ર ભગવાનનું નામ સ્મરણ કરવાનું પ્રારંભ કરી પોતાના શોકને શાંત કરવાનો પ્રયત્ન કર્યો હતો, પરંતુ આ પ્રયત્નમાં અનાયાસે માતા-પિતાની સ્નેહમયી સ્મૃતિ તેના માનસપટલ પર અંકિત થઈ ગઈ અને રૂદન થઈ ગયું.

જ્યારે મહારાજા શ્રેણિકે ચેલણાના શોકમગ્ન થવાના સમાચાર સાંભળ્યા ત્યારે તેમની ધીરજ ખૂટી ગઈ. તેઓ શીઘ્રતયા ચેલણાના મહેલમાં આવ્યા. તેની



પોતાના પતિના રાજ્યમાં જિનધર્મ અને જિનમંદિરનો અભાવ હોવાથી રાણી ચેલના અત્યંત ઉદાસ રહે છે.
રાજા શ્રેણિક ચેલનાને સમજાવી પોતાનો ધર્મ પાળવાની તથા જિનમંદિર બનાવવાની સંમતિ આપે છે.

આવી શોકપૂર્ણ અવસ્થા જોઈને મહારાજાએ મધુર સ્વરમાં જિજ્ઞાસા વ્યક્ત કરી– પ્રિયતમા ! તારી આવી શોકપૂર્ણદશા જોઈને મારા મનમાં અપાર ચિંતા થઈ રહી છે. હું જાણું છું કે આજ સુધી તારા મુખમંડલ પર ક્યારેય ઉદાસીનું ચિહ્ન પણ જોવામાં આવ્યું નથી, પરંતુ હવે તને શું થઈ ગયું છે ? પ્રિયે ! તું તો સામાન્ય શિષ્ટાચાર પણ ભૂલી ગઈ છે. મારું આગમન થતાં તું તો સદા પ્રસન્નચિત્તે મારું સ્વાગત-સત્કાર કરતી હતી, જ્યારે આજે તો ઉલટી ગંગા વહેતી જોઈ રહ્યો છું. પ્રિયે ! હવે વિલંબ ન કર. શીઘ્ર બતાવ ! શું કોઈએ તારી અવજ્ઞા અથવા તો ઉપેક્ષા તો કરી નથી ? અસાવધાનીવશ કોઈ અપરાધ તો થઈ ગયો નથી ? મેં આજ સુધી તારી ઈચ્છા વિરુદ્ધ કોઈ કાર્ય કર્યું નથી. જો અજાણતાં મારાથી તારો ઉપહાસ (મજાક) થઈ ગયો હોય, તો હે પ્રાણપ્રિયે ! તેને ભૂલી જઈ ક્ષમાદાન આપી દે ! તું મૌન શા માટે છે ? જો આ રાજમહેલના કોઈ સદસ્યે તારું અપમાન કર્યું હોય તો તત્કાળ ઈશારો માત્ર કર કે તેને શું દંડ આપું ? તારી આવી મલિન અવસ્થા જોઈને હું અત્યંત ચિંતિત છું. આજે તારી આવી અવસ્થા જોઈને હું વ્યાકુળ થઈ રહ્યો છું. આ વિશાળ રાજ્ય વૈભવ મને નિષ્ફળ લાગે છે. હે ચંદ્રમુખી ! હું પ્રાર્થના કરું છું, કે તું પોતાના હૃદયથી શોક સંતાપને ત્યાગી મારી ઉદ્વિગ્નતા મટાડ ! હે મહાદેવી ! પોતાની પ્રસન્નતાનું વરદાન પ્રદાન કરી આ યાચકને સંતુષ્ટ કર !

મહારાજનો વારંવાર આગ્રહ તથા વ્યાકુળ વચનો સાંભળી–ચેલણાએ કહ્યું.....પ્રાણનાથ ! મારા શોકગ્રસ્ત થવામાં ન તો આપ દોષિત છો, ન તો આપના રાજપ્રસાદનો અન્ય કોઈ સદસ્ય, ખરું પૂછો તો મારા સંતાપનું એકમાત્ર કારણ 'જૈનધર્મથી મારો સંબંધ વિચ્છેદ થઈ જવો તે છે. જ્યારથી હું આ વિશાળ રાજમહેલમાં આવી છું ત્યારથી જ અહીં સત્યધર્મથી વિપરીતદશા જોઈને ક્ષુબ્ધ છું, મેં તો સાંભળ્યું હતું કે "આપ જિનધર્મના આસ્થાવાન છો." આપની નગરીમાં નિર્ગ્રંથ મુનિઓની નવધા ભક્તિપૂર્વક સદા સેવા થાય છે, પરંતુ અહીંના

સમસ્ત લોકો બૌદ્ધધર્મના પ્રભાવમાં આવીને મિથ્યામાર્ગના પથિક બની રહ્યા છે. આ જોઈને મારો આત્મા કંપી ઊઠ્યો છે. હે મહારાજ! બૌદ્ધ-ધર્મ પ્રતિ મારા ચિત્તમાં અનાદર તો નથી, પરંતુ તેનાથી જીવનમાં સુખ-શાંતિ મળતી નથી તથા ભવસાગરથી પાર થઈ શકાતું નથી.

ચેલણાના વચનો સાંભળી શ્રેણિકે પોતાના ગંભીર સ્વરમાં કહ્યું : હે પ્રાણવલ્લભા! હું તારા મુખેથી આ શું સાંભળું છું? ભલા મારા મહેલમાં અધર્મકાર્ય થવું શું સંભવિત છે? અહીં દિવસ-રાત સદ્ધર્મનું પાલન થાય છે. બૌદ્ધધર્મના સમાન સંસારમાં કોઈ સાચો ધર્મ નથી. તેના દ્વારા જ મનુષ્યને જીવનમાં સુખ-શાંતિ અને સંતોષની પ્રાપ્તિ થઈ શકે છે. હું તે જ ભગવાન બુદ્ધનો સાચો અનુયાયી છું, જેઓ સંસારના સમસ્ત પદાર્થોના એકમાત્ર દૃષ્ટા છે. સંસારમાં ભલા તેમનાથી વધારે અન્ય કોણ ઉપાસનાને યોગ્ય ઉત્તમ દેવ છે, કે જેની પૂજા-સ્તુતિ કરવામાં આવે! સંસારમાં જેટલા સર્વશ્રેષ્ઠ ઉત્તમ પુરુષો છે, તેઓ ભગવાન બુદ્ધના પવિત્ર સંઘમાં શરણાગત થઈ પોતાનું આત્મકલ્યાણ કરે છે. ભગવાન બુદ્ધની કૃપાથી સંસારી જીવ સુખ, સંપદા તથા સ્વર્ગ-મોક્ષનો અધિકારી બની શકે છે, તેથી હે સુમુખિ! બુદ્ધના શરણે જવાથી જ આપણું યથાર્થ કલ્યાણ સંભવિત છે.

બૌદ્ધધર્મના સંબંધમાં મહારાજના આ પ્રમાણે પ્રશંસાત્મક વચનો સાંભળી ચેલણાએ ઉત્તર આપ્યો : પૃથ્વીનાથ! આપે બૌદ્ધધર્મના સંબંધમાં જે પણ તર્ક આપ્યા છે તે યુક્તિયુક્ત નથી. હું આપને વિશ્વાસ આપું છું, કે આ સંસારમાં તો શું ત્રિભુવનમાં જિનધર્મ સમાન સમસ્ત જીવોને હિતકારક (દયા રાખવાનો) પવિત્ર ઉપદેશ આપવાવાળો કોઈ અન્ય મહાન સાર્વભૌમિક ધર્મ નથી. જિનધર્મનો સિદ્ધાંત પ્રાણીમાત્રની રક્ષા (હિત) કરવાનો છે. જિનેન્દ્ર ભગવાને પોતાના કેવળજ્ઞાનથી જાણીને તેને દર્શાવ્યો છે. હે મહારાજ! સંસારમાં જેટલા ભવ્યજીવ છે, તે સર્વે જિનધર્મની આરાધના કરી ઉત્તમોત્તમ ગતિ પ્રાપ્ત કરે છે.

જિનધર્મના સાચા અનુયાયી ક્ષુધા-તૃષા આદિ સંસારના દુઃખોથી રહિત થઈને અઢાર પ્રકારના દોષોથી મુક્ત થઈને ત્રિભુવનમાં સર્વશ્રેષ્ઠ જ્ઞાન (કેવળજ્ઞાન) પ્રાપ્ત કરે છે. ત્યારે તેઓ ભવ્ય જીવોના પુણ્યોદયથી મુક્તિના માર્ગને દિવ્યધ્વનિથી ઉપદેશ કરવાથી 'આપ્ત' કહેવામાં આવે છે. જૈન શાસ્ત્રોમાં પ્રમાણ પરીક્ષિત જીવ, અજીવ, આસ્રવ આદિ સાત તત્ત્વોનો ઉપદેશ છે. કેવળી ભગવાનની દિવ્ય વાણીના રૂપે પ્રમાણ, નય, નિક્ષેપ વગેરે સાત પ્રકારના જ્ઞાનરૂપી રત્નોનું વર્ણન ઉદ્‌ભાસિત થાય છે. સાતે તત્ત્વોમાં કથંચિત નિત્યત્વ તથા અનિત્યત્વ નામના ધર્મના અંગો છે. જો તેમને સર્વથા નિત્ય તથા સર્વથા અનિત્ય સમજવામાં આવે તો સમ્યક્ પ્રકારે તેમના સ્વરૂપનું જ્ઞાન થઈ શકે નહીં. હે ધરણીપતિ ! જેઓ નગ્નરૂપે દિગંબર નિર્ગ્રન્થ મુનિ ભગવંત છે, ઉત્તમ ક્ષમા તથા ઉત્તમ માર્દવ ગુણને ધારણ કરવાવાળા છે, સંસારના મિથ્યા અંધકારને મટાડી દેનારા છે. રાગ, દ્વેષ, મત્સર, ક્રોધ, મોહ વગેરે શત્રુઓ ઉપર વિજય પ્રાપ્ત કરી અજાતશત્રુ બનીને અંતર તથા બાહ્યથી પૂર્ણ તપસ્વી છે; તેઓ જૈનધર્મમાં ઉત્તમ સાધુ માનવામાં આવે છે. અમારા જૈનધર્મના સિદ્ધાંતમાં પ્રાણીમાત્ર ઉપર દયાભાવ થવારૂપ અહિંસા જ શ્રેષ્ઠ ધર્મ માનવામાં આવ્યો છે. હે જીવન સર્વસ્વ ! મેં આપના સમક્ષ સંક્ષેપમાં જૈનધર્મની મૂળ વાતો દર્શાવી છે. કારણ કે એનું વિશદ્ વર્ણન કેવળી ભગવાન અતિરિક્ત ભલા કોણ કરી શકે ? આવા પરમ હિતકારી પવિત્ર ધર્મનો ત્યાગ કરવો મારા માટે શું ક્યારેય ઉચિત લેખાશે ? જિનધર્મથી ઈર્ષ્યાભાવ રાખવાવાળા ઘણા જ ભાગ્યહીન હોય છે.

રાણી ચેલણા પાસેથી જિન-સિદ્ધાંતના તત્ત્વવચનો સાંભળી મહારાજે કહ્યું– હે હૃદયેશ્વરી ! હું આપને અનુરોધ કરું છું કે જે ધર્મમાં તમારી શ્રદ્ધા હોય તેની આરાધના પ્રસન્નતા સાથે કરો. પોતાના મનમાં કોઈપણ પ્રકારે શોક સંતાપ ન કરો. મહારાજની આવા પ્રકારની ધાર્મિક સહિષ્ણુતા જોઈને ચેલણાના આનંદની કોઈ સીમા ન રહી. તેણે નિયમાનુસાર પ્રતિદિન જિન ધર્મશાસ્ત્રોનો સ્વાધ્યાય




શ્રેણિક રાજાના નગરમાં ચેલના રાણી જિનમંદિરનું નિર્માણ કરાવી તેમાં અન્ય રાણીઓ સાથે ભક્તિ-પૂજા આદિ આરાધના કરે છે.

કરવો પ્રારંભ કર્યો તે જિનેન્દ્ર ભગવાનની સ્થાપના કરી પ્રતિદિન પૂજન ભક્તિ કરવા લાગી. અષ્ટમી-ચતુર્દશીના પર્વના દિવસોમાં ઉપવાસ રાખી રાત્રિ જાગરણ કરવા લાગી. પ્રતિદિન ભગવાનની સ્તુતિમાં નૃત્ય—ભક્તિ વગેરે તેનાં કાર્યોથી સમસ્ત અંતઃપુરની રાણીઓમાં જિનધર્મ પ્રત્યે શ્રદ્ધા પ્રેમ અને ભક્તિનું અનુકુળ વાતાવરણ સર્જાઈ ગયું. થોડા જ સમયમાં ચેલણાના ભક્તિભાવથી સમસ્ત રાજપ્રસાદમાં જિનધર્મનો તીવ્ર પ્રભાવ ઊંડાણથી ફેલાઈ ગયો.

રાજા શ્રેણિકની બૌદ્ધધર્મ પ્રતિની દૃઢતા, ચેલણાની ધર્મ પ્રત્યેની શ્રદ્ધા સામે ક્રમશઃ તૂટવા લાગી અને અંતે રાજા શ્રેણિકે પ્રબળ પુરુષાર્થથી સમ્યક્ત્વરત્નને પ્રાપ્ત કર્યું તથા ભગવાન મહાવીરના તીર્થના ૧૦૦ ઈન્દ્રોમાં નરેન્દ્ર થયા તથા સમ્યક્ત્વરત્ન સાથે ષોડશકારણ ભાવના ભાવી આપણા આ ભરતક્ષેત્રની આગામી ચોવીસીમાં મહાપદ્મ નામના પ્રથમ તીર્થંકર થઈને મોક્ષ પ્રાપ્ત કરશે.

✻




શ્રી હનુમાનજી પોતાના પરિવારજનો સાથે મેરુ પર્વતના અકૃત્રિમ જિનાલયોની વંદના કરે છે.


# ધન્ય વૈરાગ્ય

એક સમયે હનુમાનજી (શ્રી શૈલ) અનંગકુસુમાદિ સમસ્ત રાણીઓ સાથે અકૃત્રિમ ચૈત્યાલયોની વંદના કરવા ગયા. વંદના કરીને સુદર્શન મેરૂની પ્રદક્ષિણા કરી ભરતક્ષેત્ર તરફ પાછા ફર્યા. સૂર્યાસ્ત થતાં સુરદુંદુભી નામના પર્વત ઉપર રાતવાસો કર્યો; રાત્રિના સમયે અચાનક એક તારો ખર્યો. તેને જોતાં હનુમાનજી મનમાં વિચારવા લાગ્યા કે 'અરે! આ સંસારમાં દેવ પણ કાળના વશમાં છે. સંસારમાં એવું કોઈ નથી જે કાળથી બચી શકે. આ મોહનો જ પ્રભાવ છે કે જીવ અનંતકાળ સુધી દુઃખ ભોગવતો થકો ચતુર્ગતિમાં ભ્રમણ કરતો ફરે છે. રાગાદિના વશ થઈ વીતરાગભાવને જાણતો નથી.' આ પ્રકારે મોહપટલથી રહિત થઈને હનુમાનજીએ દૃઢ નિશ્ચય કર્યો, કે જે માર્ગથી જિનવરો સિદ્ધપદને પ્રાપ્ત થયા તે જ માર્ગે હું પણ ચાલીશ.

રાત્રિ વ્યતીત થઈ ગઈ. સંસારના ભોગોથી વિરક્ત હનુમાન મંત્રીઓને કહેવા લાગ્યા કે 'પૂર્વકાળમાં જે પ્રકારે ભરત ચક્રવર્તી તપોવન ગયા હતા તે જ પ્રકારે હું પણ શીઘ્ર મુનિદીક્ષા લઈને તપોવને જઈશ.' એવું કહીને તુરંત હનુમાન સપરિવાર મંત્રીઓ સાથે પોતાના નગરમાં આવ્યા. હનુમાનને સંસારથી વિરક્ત જોઈ મંત્રીઓએ અત્યંત વિનયપૂર્વક કહ્યું, કે "હે નાથ! અમે આપના ભક્ત છીએ, અમને અનાથ ન કરો!" હનુમાને જવાબ આપ્યો કે જોકે તમે સૌ મારા આજ્ઞાકારી છો તો પણ મારા માટે અનર્થનું કારણ છો. મારા હિતનું કારણ નથી. ભલા, જે સંસાર સમુદ્રને પાર કરવા ઈચ્છે તેને પુનઃ સંસાર-સમુદ્રમાં ડુબાડે તે કેવા હિતેચ્છુ? વાસ્તવમાં તો તેમને શત્રુ જ



માર્ગમાં રાત્રી રોકાણ દરમ્યાન પોતાના પરિવારજનો સાથે
વાર્તા-વિનોદ કરતાં આકાશમાં તારો ખરતો જોઈ
હનુમાનજીને વૈરાગ્ય ઉત્પન્ન થાય છે.



સંસારના ભોગોથી વિરક્ત હનુમાનજી મુનિદીક્ષા અંગીકાર કરે
છે તથા તેમની રાણીઓ પણ અર્જિકા દીક્ષા અંગીકાર કરે છે.

સમજવા જોઈએ. આ સંસારમાં પ્રાણી મોહના પ્રભાવથી જન્મ, જરા, મરણના મહાન દુઃખો—ભોગવતો ચતુર્ગતિમાં ભ્રમણ કરતો અત્યંત ભયાનક દુઃખોને સહન કરે છે. હું તેવા સંસારને ઓળંગીને જન્મ-જરા-મૃત્યુ રહિત પદને પ્રાપ્ત કરવા ઈચ્છું છું.

હનુમાનની રાણીઓ અત્યંત ખેદખિન્ન થઈને રૂદન કરતી તેમના ચરણોમાં પડી ગઈ. હનુમાને તેમને સંસારનું સ્વરૂપ બતાવી ધૈર્ય બંધાવ્યું અને પછી મોટા પુત્રને રાજ્ય આપી તથા સર્વને યથોચિત વિભૂતિ સોંપીને મહેલમાંથી બહાર નીકળ્યા. નગરના નિકટ ચૈત્યવનમાં જઈને વિરાજમાન ચારણ મુનિઓને નમસ્કાર કરીને તેમની પાસેથી પરમ કલ્યાણકારી જિન-દીક્ષા ધારણ કરી. તેમની સાથે વિદ્યુતગતિ વગેરે સાડા સાતસો રાજાઓની રાણીઓ પણ સંસારથી ઉદાસ થઈ બંધુમતી આર્યિકા સમક્ષ આર્યિકાઓ થઈ. મહામુનિ હનુમાન વન તથા પર્વતોના શિખરો પર તેર પ્રકારનું ચારિત્ર પાળીને અત્યંત દુર્દ્ધર તપ કરીને તુંગીગિરિના શિખરથી નિર્વાણપદને પામ્યા.

✻


# ચારિત્રમોહની વિચિત્રતા

શ્રી રામ-લક્ષ્મણ પરસ્પર સ્નેહપૂર્વક સુખે રાજ્ય કરતા હતા. ક્યારેક રાગક્રીડા, ક્યારેક જલક્રીડા તથા ક્યારેક વનક્રીડા કરી સર્વેના મન મોહિત કરતા હતા. પૂર્વ પુણ્યના પ્રભાવથી ઈન્દ્ર સમાન સુખોને ભોગવતા હતા. ગૃહસ્થાશ્રમનું વિધિપૂર્વક પાલન તથા સાધુ-તપસ્વીઓની ભક્તિ કરતા હતા. ન્યાયપૂર્વક રાજ્ય કરી પ્રજાનું પુત્ર સમાન પાલન કરતા હતા. જ્યારે શ્રી રામચંદ્રજીએ હનુમાનની મુનિદીક્ષા ગ્રહણની વાત સાંભળી તથા લક્ષ્મણના આઠ પુત્રોને જિન-દીક્ષા ધારણ કરવાના ભાવ થયા ત્યારે કાંઈક ચિંતિત થઈને કહેવા લાગ્યા કે, 'અહો ! આ બધાએ મનુષ્ય જન્મનાં સુખ શું ભોગવ્યા ? આટલી નાની વયમાં ભોગોને છોડી યોગ ધારણ કર્યો તે મોટું આશ્ચર્ય છે.' જોકે શ્રીરામ સમ્યગ્દૃષ્ટિ તથા ચરમશરીરી હતા, તોપણ મોહની પ્રબળતાથી સાધારણ મનુષ્યોની જેમ સુખ-ભોગોમાં તલ્લીન હતા.

એકવાર સ્વર્ગલોકમાં સૌધર્મઈન્દ્ર અનેક દેવોની વચ્ચે સભામાં ધર્મનું વ્યાખ્યાન કરી રહ્યા હતા, કે "અહો ! દેવગણ તમે પોતાના ભાવરૂપ પુણ્ય સદૈવ ભક્તિ-યુક્ત થઈ શ્રી અરિહંતદેવને ચઢાવો. અર્હંત ભગવાન સમસ્ત દોષરૂપી મહાવનને ભસ્મ કરવા માટે દાવાનળ સમાન છે. તેમની સમસ્ત ઈન્દ્રો, ધરણેન્દ્રો, ચક્રવર્તી વગેરે ભક્તિપૂર્વક સદા સ્તુતિ કરે છે. સંસારમાં મનુષ્ય જન્મ અત્યંત દુર્લભ છે. જેઓ મનુષ્ય જન્મ પ્રાપ્ત કરીને વીતરાગ સર્વજ્ઞને ભૂલી રહ્યા છે, તેમના મનુષ્ય જન્મને ધિક્કાર છે. એવો દિવસ ક્યારે આવે જ્યારે હું મનુષ્ય જન્મ પામી વિષયોરૂપી શત્રુઓને જીતી અવિનાશીપદને પ્રાપ્ત કરું."

ઈન્દ્રનું વ્યાખ્યાન સાંભળીને એક દેવ બોલ્યો, "હે દેવેન્દ્ર ! અહીં સ્વર્ગમાં તો આપણી આવી બુદ્ધિ રહે છે, પરંતુ માનવ શરીર પ્રાપ્ત કરીને બધું ભૂલી જવાય છે. જુઓ, પાંચમા સ્વર્ગના બ્રહ્મેન્દ્ર નામના ઈન્દ્ર જે મનુષ્ય જન્મમાં રામચંદ્ર થયા છે તેમને વૈરાગ્યનો વિચાર પણ આવતો નથી; જ્યારે તેઓ સ્વર્ગમાં ઈન્દ્ર અવસ્થામાં હતા ત્યારે તેમની પણ આપણા જેવી જ બુદ્ધિ હતી. તેમનો લક્ષ્મણ સાથે અત્યંત અનુરાગ છે. તેઓ ક્ષણભર પણ લક્ષ્મણને ન દેખે તો વિહ્વળ થઈ જાય છે. લક્ષ્મણને નિમેષ માત્ર પણ છોડી શકતા નથી." ઈન્દ્રએ કહ્યું, કે "કર્મની આવી જ વિચિત્રતા છે. મોટા મોટા બુદ્ધિમાનો પણ તેમની પ્રેરણાથી મૂર્ખ થઈ જાય છે. અહો ! દેવગણ જે રામે પોતાના સંપૂર્ણ ભવો પોતાના કાનથી સાંભળ્યા, કેવળીભગવાનના શ્રીમુખેથી પોતાનું ચરમ-શરીરી હોવાનું સાંભળ્યું, તે રામ કર્મોની પ્રેરણાથી આત્મહિત કરવાથી કેટલા દૂર છે? સાંસારિક વિષય ભોગોમાં તલ્લીન થઈ રહ્યા છે. આવું જીવોને સ્નેહનું પ્રબળ બંધન છે."


રત્નચૂલ તથા મૃગચૂલ નામના દેવોએ બલભદ્ર-નારાયણ (શ્રીરામ-લક્ષ્મણ)ના પરસ્પર સ્નેહની પરીક્ષા કરવા માટે પરસ્પર વિચાર કર્યો, કે રામનો લક્ષ્મણ પ્રત્યે એટલો સ્નેહ છે કે લક્ષ્મણને દેખ્યા વિના ક્ષણમાત્ર પણ રહી શકતા નથી, તો જોઈએ કે રામનું મરણ થયેલું જાણી લક્ષ્મણની શું ચેષ્ટા થાય છે ? આવી કુત્સિત ધારણા કરી કૌતુહલ-પ્રિય બંને દેવો અયોધ્યા આવ્યા અને શ્રીરામના મહેલમાં વિક્રિયા કરી અંતઃપુરમાં સમસ્ત રાણીઓના કરૂણાજનક રૂદનનો ધ્વનિ કરાવ્યો. જેને સાંભળી સમસ્ત મંત્રી, ઉમરાવ, પુરોહિત તથા દ્વારપાળ નીચું મુખ કરી લક્ષ્મણની સમક્ષ આવ્યા અને તેમને સમાચાર સંભળાવ્યા, કે "હે નાથ ! શ્રી રામચંદ્ર પરલોક ચાલ્યા ગયા." આટલું સાંભળતાં જ લક્ષ્મણે 'હાય' શબ્દ પણ અર્ધો જ બોલીને તત્કાળ પ્રાણ ત્યાગ કર્યો અને અચેતન શરીર માત્ર રહી ગયું. લક્ષ્મણને ભ્રાતાના મિથ્યા વચનોથી




લક્ષ્મણજીના અચાનક મૃત્યુથી રામચંદ્ર ક્ષોભ પામે છે અને તેમના મૃત શરીરને ખભે ઉપાડી ફરે છે.
તેમની આવી દશા જોઈ તેમના પુત્રો લવણ અને અંકુશને વૈરાગ્ય ઉત્પન્ન થાય છે.

ચૈતન્ય રહિત દેખીને બંને દેવ અત્યંત વ્યાકુળ થઈ ગયા તથા પરસ્પર કહેવા લાગ્યા કે "આમનું મૃત્યુ આ પ્રકારે જ હતું." આવું કહી અત્યંત પશ્ચાત્તાપ કરતા થકા તેઓ પોતાના સ્થાને ચાલ્યા ગયા. લક્ષ્મણના પ્રાણ રહિત મનોહર દેહને દેવો પણ અધિક સમય જોઈ ન શક્યા.

લક્ષ્મણની સર્વે રાણીઓ તેમને અચેતન-સમ જોઈને વિવિધ પ્રકારથી તેમને સમજાવવા લાગી. તેમના અંગથી આલિંગન કરી કહેવા લાગી કે "હે દેવ ઊઠો તથા અમારા પર પ્રસન્ન થાઓ". વીણા, બંસરી, મૃદંગાદિ વિવિધ પ્રકારના વાજિંત્રોના મનોહર શબ્દથી જાણે કે લક્ષ્મણને રીઝવવા લાગી, પરંતુ તેમના સર્વે પ્રયત્નો વ્યર્થ ગયા. રાણીઓ સંશયયુક્ત થઈને રુદન કરવા લાગી કે, કે "હાય! ક્ષણમાત્રમાં આ શું થઈ ગયું ?" લક્ષ્મણના અચેતનપણાનું વૃતાન્ત સાંભળી શ્રી રામચંદ્રજી ભ્રમયુક્ત થઈ તત્કાળ મંત્રીઓ સહિત લક્ષ્મણના મહેલમાં આવ્યા. તત્કાળના ઉખડી ગયેલ વૃક્ષ સમાન ભાઈને પૃથ્વી પર પડેલા જોઈ કહેવા લાગ્યા કે "લક્ષ્મણ અકારણ મારાથી શા માટે રીસાઈ ગયો છે, સદૈવ આનંદિત તથા પ્રસન્ન રહેવાવાળો મારો ભાઈ આજે વિષાદયુકત કેમ છે?" આ પ્રકારે અનેક વિકલ્પો કરતા થકા શ્રીરામે લક્ષ્મણને ઉઠાવી છાતી સરસા ચાંપી દીધા. જોકે લક્ષ્મણનાં નિર્જીવ હોવાનાં સમસ્ત લક્ષણ દેખાઈ આવતાં હતાં, તોપણ તીવ્રમોહના કારણે શ્રીરામ તેમને મૃતક માનવા તૈયાર નહોતા. લક્ષ્મણની વક્રગ્રીવા, શ્વાસોશ્વાસ રહિત કાયા તથા સ્થિર નેત્ર જોઈ અત્યંત ખેદખિન્ન થઈ રામચંદ્રજી મૂર્છિત થઈ ગયા અને પછી સચેત થતાં વિલાપ કરવા લાગ્યા. લક્ષ્મણનું આ પ્રકારે મરણ દેખી લવ તથા અંકુશ મનમાં વિચારવા લાગ્યા કે "અરે! ધિક્કાર છે આ અસાર સંસારને. આ શરીર સમાન ક્ષણભંગુર બીજું કોણ છે? જે નિમેષમાત્રમાં મૃત્યુને પ્રાપ્ત થાય છે" વિદ્યાધરોથી પણ અજેય એવા વાસુદેવ લક્ષ્મણ પણ ક્ષણમાત્રમાં કાળના ગર્તમાં સમાઈ ગયા. આપણને પણ આ વિનશ્વર શરીર તથા અસ્થિર રાજ્ય-વૈભવમાં ફસાઈ




વૈરાગી કુમારો લવણ અને અંકુશ વનમાં જઈ અમૃતેશ્વર મુનિરાજ પાસે જિનદીક્ષા અંગીકાર કરી આત્મસાધના કરે છે.

રહેવાથી શું સિદ્ધ થશે? આ પ્રમાણે બંને ભાઈઓ લવ તથા અંકુશ સંસારના ભોગોથી વિરક્ત થઈ પિતા શ્રીરામના ચરણોમાં નમસ્કાર કરી મહેન્દ્રોદય ઉદ્યાનમાં અમૃતેશ્વર મુનિના શરણે જઈ નિર્ગ્રંથ દિગંબર મુનિ થયા.

લવ તથા અંકુશ—બંને ભાઈઓના દીક્ષા લેવાથી નગરજનો અત્યંત વ્યાકુળ થઈ કહેવા લાગ્યા, કે "હવે આપણો રક્ષક કોણ? પુરુષોત્તમ શ્રીરામ ભાઈના મરણના શોકમાં ગરકાવ થઈ ગયા છે. તેમને પોતાના પુત્રોના વનગમનની પણ દરકાર નથી. તેમને લક્ષ્મણ, રાજ્ય, પુત્રો અને સમસ્ત રાણીઓથી પણ અધિક પ્રિય હતા. કર્મોની આ મોટી વિચિત્રતા છે. સંસારનું આવું ચરિત્ર જોઈ જ્ઞાની જીવો તેનાથી ઉદાસ થઈ વૈરાગ્ય પ્રાપ્ત કરે છે. નારાયણ (લક્ષ્મણ)ના મરણથી સર્વે લોકો અત્યંત વ્યાકુળ થઈ ગયા. વિશલ્યાદિ સમસ્ત રાણીઓ કરુણાજનક વિલાપ કરવા લાગી. યુગપ્રધાન શ્રી રામચંદ્ર તીવ્રમોહના વશ થઈ લક્ષ્મણના મૃતક શરીરને ક્યારેક હૃદયથી લગાડતા, ક્યારેક ચૂમતા, ક્યારેક વસ્ત્રાભૂષણ પહેરાવતા, ક્યારેક ખોળામાં લઈ બેસતા, ક્યારેક ભોજનનો ગ્રાસ મોમાં મૂકવાની ચેષ્ટા કરતા તથા તેમના શરીર પર સુગંધિત દ્રવ્યનો લેપ કરતા. તેઓ ક્ષણમાત્ર પણ તે મૃતક શરીરને છોડતા નહોતા. પોતાના કંધા પર રાખી અહીં-તહીં ફરતા હતા. આ પ્રમાણે શ્રી રામચંદ્ર વિચિત્ર ચેષ્ટાઓ દ્વારા ભાઈને અત્યંત મીઠા શબ્દોથી સંબોધિત કરી તેમને પ્રસન્ન કરવાના વૃથા પ્રયત્નો કરતા હતા. લોકોએ અનેક પ્રકારે સમજાવ્યા, પરંતુ શ્રીરામ કોઈની વાત માનતા નહોતા. કદાચ કોઈ કહે કે લક્ષ્મણ તો મૃત્યુને પ્રાપ્ત થયા છે તો નારાજ થઈને શ્રીરામ તેને કહેતા કે "તારો ભાઈ અથવા તારો કોઈ હિતેચ્છી મરી ગયો હશે."

લક્ષ્મણના મરણનું વૃત્તાંત સાંભળી વિભિષણ પોતાના પુત્રો તથા વિરાધિત, સુગ્રીવાદિ સમસ્ત પરિવાર સહિત અયોધ્યા આવ્યા તથા શ્રીરામને

નમસ્કાર કરી તેમના સમીપે જમીન પર બેઠા.—વિભિષણે અનેક પ્રકારે શ્રીરામને સમજાવ્યા અને કહ્યું કે "મરણનો શોક દુર્નિવાર છે, પરંતુ જ્ઞાનીજનો આટલો શોક કરતા નથી." આ મનુષ્ય શરીર તો પાણીના પરપોટા સમાન ક્ષણભંગુર છે. જેણે જન્મ લીધો તે અવશ્ય મરે છે, તેથી હે પ્રભો ! આ લક્ષ્મણનું મૃતક શરીર ત્યાગો પરંતુ પ્રબળ મોહના યોગે શ્રી રામચંદ્રજીએ લક્ષ્મણનું મૃતક શરીર ન છોડ્યું. સુગ્રીવાદિ સમસ્ત રાજાઓએ વિનયપૂર્વક કહ્યું કે "હે પુરુષોત્તમ ! હવે વાસુદેવના શરીરને અગ્નિદાહ આપો !" શ્રીરામને આ વચન અત્યંત અનિષ્ટ પ્રતીત થયાં અને ક્રોધપૂર્વક બોલ્યા કે "મારા ભાઈની દગ્ધક્રિયા શા માટે થાય ? મારો ભાઈ શા માટે મરે ? ઊઠો ! લક્ષ્મણ ઊઠો ! આ દુષ્ટોના સંયોગથી અલગ કોઈ અન્ય સ્થાને જઈએ" આ પ્રમાણે કહી ભાઈને કંધા પર રાખી વન તરફ ચાલ્યા. સમસ્ત રાજાઓ તેમની પાછળ ચાલવા લાગ્યા.

ધીરે ધીરે લક્ષ્મણના મૃત્યુના, તેમના શોકમાં શ્રીરામચંદ્રના વિહ્વળ થવાના, તથા લવ-અંકુશના મુનિ થવાના સમાચાર સર્વત્ર ફેલાઈ ગયા. જેનાથી શત્રુઓનો ઉત્સાહ વધ્યો. શમ્બૂક (જેને લક્ષ્મણે માર્યો હતો)નો ભાઈ સુંદર, ઈન્દ્રજીતના પુત્ર વજ્રમાલી પાસે આવ્યો અને તેને કહ્યું કે "મારે રઘુવંશીઓ સાથે વેર છે. લક્ષ્મણે મારા પિતા અને દાદા બંનેને મારી નાખી પાતાલલંકાનું રાજ્ય વિરાધિતને આપી દીધું છે. સુગ્રીવ કે જે રામ સાથે મળી ગયો છે" તેણે સમસ્ત રાક્ષસદ્વીપ ઉજ્જડ બનાવી દીધો છે. લક્ષ્મણના હાથમાં ચક્ર આવ્યું હતું. જેનાથી રાક્ષસોના અધિપતિ રાવણનો વધ થયો હતો. હવે કાળયોગે લક્ષ્મણનું મૃત્યુ થયું છે. વાનરવંશીઓ જે લક્ષ્મણની ભૂજાઓથી મદોન્મત્ત થઈ રહ્યા હતા. તેમનો પક્ષ તૂટી ગયો હવે તેઓ સર્વથા અસહાય અને નિર્બળ છે. અગિયાર પક્ષ પૂર્ણ થયા હવે બારમો પક્ષ (લગભગ છ માસ) આવી ગયો છે. રામ પોતાના મૃતક ભાઈ લક્ષ્મણને કંધા પર ઉઠાવી પાગલોની જેમ ફરી રહ્યા છે.

તે ભાઈના શોકરૂપી કીચડમાં એવા ફસાઈ ગયા છે કે તેમાંથી નીકળવાનું તેમનું સામર્થ્ય નથી, તેથી રામથી બદલો લેવાનો આ ઉત્તમ અવસર છે.''

શમ્બૂકના ભાઈ સુંદરના વચનો (કે અયોધ્યા શોકમગ્ન છે, રામ-લક્ષ્મણનું વેર લેવાની સુંદર તક છે.) સાંભળી ઈન્દ્રજીતનો પુત્ર ક્રોધાગ્નિથી પ્રજ્વલિત થઈ સેના એકત્ર કરી અયોધ્યા તરફ નીકળ્યો. શત્રુ-દળ નજીક આવ્યુ જોઈ શ્રી રામચંદ્ર ભાઈને કંધા પર રાખી એક હાથે ધનુષ-બાણ લઈ વિદ્યાધરો સાથે યુદ્ધ કરવા નીકળ્યા. આ જ સમયે કૃતાન્તવક્ર સેનાપતિ તથા જટાયુનો જીવ—જે ચોથા સ્વર્ગમાં દેવ થયા હતા—તેમનું આસન કંપાયમાન થયું. બંનેએ અવધિજ્ઞાનથી શ્રીરામને સંકટયુક્ત સ્થિતિમાં જોઈ કૃતાન્તવક્રના જીવે કહ્યું કે ''હે મિત્ર ! મૈં જિનદીક્ષા ધારણ કરતી વખતે શ્રીરામને સંબોધવાનું વચન આપ્યું હતું. તમે પણ જટાયુની પર્યાયમાં તેમના કૃપાપાત્ર રહ્યા છો, તેથી શીઘ્ર અયોધ્યા ચાલો.''

તું શત્રુઓની સેનામાં પ્રવેશ કરી યોદ્ધાઓની બુદ્ધિનું હરણ કર ! અને હું શ્રીરામની સમીપે જાઉં છું. જટાયુના જીવે (દેવે) શત્રુસેનામાં એવી વિક્રિયા કરી કે જેનાથી શત્રુપક્ષને અયોધ્યા પર વિજય પ્રાપ્ત કરવાનું અસંભવ પ્રતીત થયું અને સમસ્ત સેના ભાગી જવા તૈયાર થઈ, પરંતુ તે માયાની પ્રેરણાથી તેમને ભાગવાનો કોઈ રસ્તો સૂઝતો ન હતો. થોડીવારમાં દેવે પોતાની વિક્રિયાથી દક્ષિણ તરફનો એક માર્ગ બતાવ્યો. તે જોઈને શત્રુ-દળ અત્યંત ભયભીત થઈને ભાગી ગયું. વજ્રમાળી તથા સુંદરના પુત્રોએ મનમાં વિચાર્યું, કે હવે આપણે કોઈને શું મોઢું બતાવીશું. આવા જીવનથી તો મરણ જ ભલું. ત્યારબાદ રતિવેગ નામના મુનિનો સંયોગ પામીને તેમના સમીપે નિર્ગ્રંથ સાધુ થયા. મનોભાવોની વિચિત્રતાને ધન્ય છે, કે જે થોડુંક પણ કોઈ પ્રકારનું નિમિત્ત પામી ત્વરીત અન્યરૂપે પરિણમી જાય છે.




રામચંદ્રજીની આવી દશા જોઈ કૃતાંતવક્ર સેનાપતિ તથા જટાયુના જીવો જે દેવો થયા છે તેઓ રામચંદ્રજીને વિવિધપ્રકારે સમજાવે છે.

ત્યાર પછી બંને દેવો શ્રીરામના સમીપે ગયા. તેમની બાળક-સમાન ચેષ્ટાઓ દેખી વિચારવા લાગ્યા કે મોહના પ્રાબલ્યને ધિક્કાર છે, કે જેના પ્રભાવથી આ લોક-મર્યાદા પુરુષોત્તમ વિહ્વળ સમ ચેષ્ટાઓ કરી રહ્યા છે. તે પછી કૃતાન્તવક્રનો જીવ એક સુકાઈ ગયેલા વૃક્ષને સીંચવા લાગ્યો તથા જટાયુનો જીવ મરેલા બળદોને હળમાં જોતરી શીલા પર બીજ વાવવા લાગ્યો. થોડીવારમાં કૃતાન્તવક્રનો જીવ ઘી માટે પાણીને વલોવવા લાગ્યો તથા જટાયુનો

જીવ તેલ માટે રેતીને ઘાણીમાં પીલવા લાગ્યો. આ પ્રકારે બંને દેવોએ પાગલો સમાન અનેક ચેષ્ટાઓ કરી.

શ્રી રામે તે દેવોની સમસ્ત વ્યર્થ ચેષ્ટાઓ જોઈને કહ્યું કે 'અરે! તમે મહામુર્ખ છો કે જે સુકાયેલા વૃક્ષને સીંચો છો, ઘાણીમાં રેતી પીલો છો, મરેલા બળદોને હળમાં જોતરીને શીલા પર બીજ વાવો છો તથા જળને વલોવો છો, આવું કરવાથી તમને ભલા શું લાભ થશે? ત્યારે બંને દેવો ઉપહાસ (કટાક્ષ) કરતા બોલ્યા, કે "તમે પણ પોતાના ભાઈના મૃત શરીરને ખભા પર રાખીને ફરો છો તેને જુદા જુદા પ્રકારના વસ્ત્રાભૂષણ પહેરાવો છો, આવું કરવાથી ભલા તમને શું લાભ થશે?" આ સાંભળી શ્રીરામ કોપિત થઈને લક્ષ્મણને સારી રીતે છાતી સરસા ચાંપી બોલ્યા, કે "હે કુબુદ્ધિ ! મારા પ્રિય ભાઈ માટે તું આવા અમંગળ શબ્દ કેમ કહે છે? એટલામાં જટાયુનો જીવ મૃત મનુષ્યનું મડદુ ખભા પર રાખી શ્રીરામની નિકટ આવ્યો ત્યારે શ્રીરામ કહેવા લાગ્યા કે અરે ! તું મૃત મનુષ્યના ક્લેવરને કંધા પર રાખી શા માટે ફરે છે? શું તને એટલું પણ જ્ઞાન નથી? ત્યારે દેવે કહ્યું "તમે પ્રવીણ થઈને પ્રાણરહિત લક્ષ્મણના શરીરને ખભા પર ઉઠાવી શા માટે ફરો છો? તમે બીજાનો તો અણુમાત્ર દોષ જોવો છો અને પોતાના મેરુ પ્રમાણ દોષને જોતા નથી. પ્રીતિ સમાનતાવાળા સાથે થાય છે, તેથી તમને મૂર્ખ જોઈને અમને તમારા પ્રત્યે સ્નેહ ઉત્પન્ન થયો; તે માટે તમને અધિક મૂર્ખ જોઈ અમે તમારા નિકટ આવ્યા છીએ."

શ્રીરામ દેવોના વચનો સાંભળી તથા શાસ્ત્રોના વચનોનું સ્મરણ કરી એકાએક સજાગ થયા. જે પ્રકારે માર્ગ ભૂલેલો મનુષ્ય એકાએક નગરનો માર્ગ પામી પ્રસન્ન થઈ જાય છે તે જ પ્રમાણે પુરુષોત્તમ શ્રી રામચંદ્ર પ્રતિબોધને પામી અત્યંત પ્રસન્ન થયા. તે પછી બંને દેવોએ આશ્ચર્ય ઉત્પન્ન કરવાવાળી સ્વર્ગની વિભૂતિ અંશતઃ પ્રગટ દેખાડી. એકાએક શીતળ, મંદ, સુગંધી પવન વહેવા



રામચંદ્રજીને વૈરાગ્ય ઉત્પન્ન થતાં તેઓ મુનિદીક્ષા ધારણ કરી ઉગ્ર આરાધના કરી તે જ ભવે મુક્તિ પામે છે.

લાગ્યો, સમસ્ત આકાશ દેવોના સુંદર વિમાનોથી આચ્છાદિત થઈ ગયું. સુંદર દેવાંગનાઓ વીણા, બાંસુરી, મૃદંગાદિ વગાડી નૃત્ય કરવા લાગી.

ત્યારપછી શ્રીરામ શોક છોડી (રહિત થઈ) લક્ષ્મણની દાહક્રિયા કરવા તૈયાર થયા. વિભિષણ, વિરાધિત, સુગ્રીવ વગેરે સમસ્ત વિદ્યાધર તથા નગરનિવાસીઓએ સંમિલિત થઈ નારાયણ (લક્ષ્મણ)ના મૃત શરીરને કર્પૂરાદિ સુગંધિત દ્રવ્યોથી સરયૂ નદીના તટ પર અગ્નિદાહ આપ્યો.

મહેલમાં આવીને શ્રીરામે શત્રુઘ્નને કહ્યું 'હે બંધુ ! હું મુનિવ્રત ધારણ કરી સિદ્ધ-પદને પ્રાપ્ત કરવા ઈચ્છું છું, તેથી તું આ સમસ્ત રાજ્યને સંભાળ !' શત્રુઘ્ને અત્યંત વિનયપૂર્વક કહ્યું કે 'હે તાત ! હું પણ આપની સાથે જ મુનિવ્રત ધારણ કરીશ. મને પણ રાજ્યની અભિલાષા નથી. હે ભાઈ ! સંસારના કામ, ભોગ, મિત્ર, બંધુ-બાંધવાદિથી કોઈ તૃપ્ત થયું નથી, તેથી હું પણ આપની સાથે જ બધું ત્યાગીને આત્મકલ્યાણ કરીશ.'

શ્રી રામચંદ્ર શત્રુઘ્નને રાજ્યથી ઉદાસીન તથા મુનિવ્રત ધારણ કરવાના ઈચ્છુક દેખી ક્ષણિક વિચાર કરી, લક્ષ્મણના પુત્ર અનંગને રાજ્ય આપી, સ્વયં જિનેશ્વરી દીક્ષા ધારણ કરવા તૈયાર થયા. મુનિદીક્ષા અંગીકાર કરીને ઉગ્ર આરાધના ફળસ્વરૂપે માંગગિરિથી મુક્તદશાને પ્રાપ્ત કરી શ્રી રામચંદ્રજી અતીન્દ્રિય સુખના ભોક્તા થઈ ગયા.


# ભગવાન મલ્લિનાથ

અઢારમા તીર્થંકર ભગવાન અરહનાથના નિર્વાણ પછી એક હજાર કરોડ વર્ષ પછી ભગવાન મલ્લિનાથનો જન્મ થયો હતો. ક્રમશઃ બાળક મલ્લિકુંવરે કુમાર અવસ્થાને વ્યતીત કરી અને યુવાવસ્થામાં પદાર્પણ કર્યું ત્યારે તેમના શરીરની આભા અત્યંત સુંદર થઈ ગઈ હતી. તે સમયે તેમનું સુંદર સુડોળ શરીર જોઈને દરેકનાં નેત્રો સંતૃપ્ત થઈ જતાં હતાં. પંચાવન હજાર વર્ષનું તેમનું આયુષ્ય હતું. તેમનું શરીર પચીસ ધનુષ્ય ઊંચું હતું અને સુવર્ણ સમાન તેમના દેહની કાંતિ હતી. જ્યારે ભગવાન મલ્લિનાથનું આયુષ્ય ૧૦૦ વર્ષનું થયું ત્યારે તેમના પિતાશ્રી મહારાજ કુંભે તેમના લગ્નની તૈયારી કરી. મલ્લિનાથના લગ્નોત્સવ માટે નગરવાસીઓએ મિથિલાપુરીને ખૂબ શણગાર્યું. પોતાના ઘરના દ્વારો પર મણિઓની વંદન-માળાઓ બાંધી, ભવનોના શિખરો પર ધ્વજા પતાકાઓ લહેરાવવામાં આવી, માર્ગમાં સુગંધિત જળ સીંચી પુષ્પ વરસાવ્યાં અને અનેક પ્રકારના વાજિંત્રોના શબ્દોથી આકાશને ગુંજતું કરી દીધું.

એક બાજુ રાજપરિવાર અને નગરવાસીઓ લગ્નોત્સવની તૈયારીમાં રત હતા; ત્યારે બીજી બાજુ ભગવાન મલ્લિનાથ રાજભવનના ઝરોખામાં બેસીને નગરની શોભાને આધારે તેમને થયેલા જાતિસ્મરણજ્ઞાનથી વિચારી રહ્યા હતા, કે લગ્ન એક મીઠું બંધન છે. મનુષ્યો આ બંધનમાં ફસાઈને આત્મસ્વાતંત્ર્યથી સર્વથા વંચિત થઈ જાય છે; તો પછી હું શા માટે વ્યર્થ જ આ જંજાળમાં પોતાને ફસાવી દઉં? મને વિશ્વાસ છે કે લગ્ન મારા ઉચ્ચ





શ્રી મલ્લિકુંવરના લગ્નની તૈયારીઓ થઈ રહી છે તે જ સમયે નગરીની શોભા જોતાં
તેમને પૂર્વના દેવભવનું જાતિસ્મરણજ્ઞાન થવાથી વૈરાગ્ય ઊપજે છે.



વૈરાગી તીર્થંકર મલ્લિકુંવરને દેવો જયન્ત નામની પાલખીમાં બેસાડી
દીક્ષાર્થે શ્વેતવનમાં લઈ જાય છે.

વિચારો અને ઉન્નત ભાવનાઓ પર સમુળગું પાણી ફેરવી દેશે. લગ્ન મારી ઉન્નતિના માર્ગમાં એક અચલ પહાડની જેમ બાધક બનીને ઊભું રહી જશે, તેથી હું આજે એમ નિશ્ચય કરું છું કે હવે હું આ ભૌતિક ભોગોમાં આસક્ત થવાને બદલે ત્વરિત જ આત્મિક આનંદની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરીશ. તે જ સમયે લોકાંતિક દેવોએ તેમના ઉચ્ચ આદર્શો અને વિચારોનું સમર્થન કર્યું; તેથી તેમનો વૈરાગ્ય ઘણી જ પ્રકર્ષતાને પ્રાપ્ત થઈ ગયો. પોતાનું કાર્ય સમાપ્ત કરી લોકાંતિક દેવો પોત-પોતાના સ્થાને ગયા તથા સૌધર્મ આદિ ઈન્દ્રોએ આવીને દીક્ષા-કલ્યાણકનો ઉત્સવ કરવાનો પ્રારંભ કરી દીધો. ભગવાન મલ્લિનાથના આવા આકસ્મિક વિચાર-પરિવર્તનથી સમગ્ર મિથિલામાં હોહા મચી ગઈ. બંને પક્ષના માતા-પિતાઓના હૃદયને ભારે ઠેસ પહોંચી, પરંતુ શું ઉપાય હતો ? લગ્નની સમસ્ત તૈયારીઓ એકદમ બંધ કરી દેવામાં આવી. તે સમયે નગરમાં શ્રૃંગાર અને શાંતરસનું અદ્‌ભૂત મિશ્રણ



તીર્થંકર શ્રી મલ્લિકુંવર દીક્ષિત થતાં અન્ય રાજાઓ તથા દેવો તેમને વંદના કરે છે. મલ્લિનાથ મુનિવર ધર્મની ઉગ્ર આરાધના કરી કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી સમવસરણમાં ભવ્ય જીવોને ઉપદેશ આપે છે.

થઈ ગયું. અંતે શાંતરસે શ્રૃંગારરસને ધારાશાયી કરીને ચારે તરફ પોતાનું આધિપત્ય સ્થાપી દીધું. દેવોએ ભગવાન મલ્લિનાથનો અભિષેક કરી તેમને સારાં-સારાં વસ્ત્રાભૂષણ પહેરાવ્યાં. દીક્ષા અભિષેક પશ્ચાત્ તેઓ દેવ-નિર્મિત 'જયન્ત' નામની પાલખી પર સવાર થઈ શ્વેત વનમાં પહોંચ્યા તથા માગશર સુદ એકાદશીના દિવસે અશ્વિની નક્ષત્રમાં સંધ્યા સમયે ત્રણસો રાજાઓ સાથે મુનિદીક્ષા ધારણ કરી. તથા પંચમુષ્ઠીઓથી કેશ-લોંચ કરી કેશને અલગ કરી દીધા. તેમને દીક્ષા ધારણ કરતાં જ મનઃપર્યયજ્ઞાન પ્રાપ્ત થઈ ગયું હતું. ત્રીજા દિવસે તેઓ આહાર માટે મિથિલાપુરી પધાર્યા; તથા તેમને રાજા નંદિષેણે ભક્તિપૂર્વક આહારદાન આપ્યું. પાત્રદાનથી પ્રભાવિત થઈ નંદીષેણના ઘરે દેવોએ પંચાશ્ચર્ય પ્રગટ કર્યાં.

આહાર લઈને ભગવાન મલ્લિનાથ ફરી વનમાં ચાલ્યા ગયા અને આત્મધ્યાનમાં લીન થઈ ગયા. દીક્ષા લેવાના છ દિવસો પછી તેમને તે જ શ્વેતવનમાં અશોકવૃક્ષ નીચે માગશર વદ-૨ના દિવસે અશ્વિની નક્ષત્રમાં પ્રાતઃકાળે 'કેવળજ્ઞાન' પ્રાપ્ત થઈ ગયું. તે જ સમયે ઈન્દ્રો અને દેવોએ આવીને જ્ઞાનકલ્યાણકનો ઉત્સવ ઉજવ્યો. ઈન્દ્રની આજ્ઞાથી કુબેરે સમવસરણ (ધર્મસભા)ની રચના કરી. દિવ્યધ્વનિ દ્વારા ભગવાને સાત તત્ત્વ, નવ પદાર્થ, છ દ્રવ્ય વગેરેનું વિવેચન કર્યું. તદુપરાંત તેઓએ ચાર ગતિઓના દુઃખોનું વર્ણન કર્યું, તેને સાંભળી અનેક નર-નારીઓએ મુનિ-અર્જિકા અને શ્રાવક-શ્રાવિકાનાં વ્રત ધારણ કર્યાં.

તેમના સમવસરણમાં વિશાખ વગેરે અઠ્ઠાવીસ ગણધર હતા, સાડા પાંચસો અગિયાર અંગ અને ચૌદ પૂર્વના જ્ઞાતા હતા. ઓગણત્રીસ હજાર અધ્યાપકો (ઉપાધ્યાયો) હતા. બે બજાર બસો અવધિજ્ઞાની હતા, બે હજાર બસો કેવલજ્ઞાની હતા, એક હજાર ચારસો વાદી હતા, બે હજાર નવસો

વિક્રિયાઋદ્ધિના ધારકો હતા અને એક હજાર સાતસો પચાસ મનઃપર્યયજ્ઞાની હતા. આ પ્રમાણે સર્વે મળીને તેમની સભામાં ચાલીસ હજાર મુનિરાજો હતા. બંધુષેણા વગેરે પંચાવન હજાર અર્જિકાઓ હતી. એક લાખ શ્રાવકો અને ત્રણ લાખ શ્રાવિકાઓ હતી. અસંખ્યાત દેવ-દેવીઓ અને અસંખ્યાત તિર્યંચો હતા.

ભગવાન મલ્લિનાથે અનેક આર્યક્ષેત્રોમાં વિહાર કરી પથ-ભ્રાંત પથિકોને મોક્ષનો સાચો માર્ગ બતાવ્યો. જ્યારે તેમનું આયુષ્ય માત્ર એક માસનું બાકી રહ્યું ત્યારે તેઓએ શ્રી સંમેદશિખર પર પહોંચીને પાંચ હજાર મુનિઓ સાથે પ્રતિમાયોગ ધારણ કરી લીધો અને અંતે યોગ-નિરોધ કરી ફાગણ સુદી પાંચમના દિવસે ભરણી નક્ષત્રમાં સંધ્યા સમયે કર્મોને નષ્ટ કરી મોક્ષ મહેલમાં પ્રવેશ કર્યો, તે જ સમયે દેવોએ આવીને સિદ્ધ-ક્ષેત્રની પૂજા કરી. નિર્વાણ કલ્યાણકનો ઉત્સવ ઉજવીને પુણ્યનો સંચય કર્યો.

# ધર્માત્મા પ્રદ્યુમ્ન

(પૂર્વકથા : શ્રીકૃષ્ણ સુવર્ણમયી દ્વારિકા નગરીના નારાયણ પદવી ધારક રાજા હતા. તેમને અનેક રાણીઓ હતી. તેમાં સત્યભામા શ્રીકૃષ્ણની મુખ્ય રાણી હતી, પરંતુ તેને પોતાના રૂપનું અભિમાન હોવાથી નારદ અને કૃષ્ણ બંનેને આ મદ ઈષ્ટ ન હોવાથી નારદે ભ્રમણ દ્વારા શ્રીકૃષ્ણને યોગ્ય રુક્મિણી નામની કન્યા શોધી કાઢી, તથા તેનું ચિત્ર શ્રીકૃષ્ણને બતાવી તેઓએ તેની સાથે લગ્ન કરવાનું નક્કી કર્યું અને રુક્મિણીને પરણીને દ્વારકા લઈ આવ્યા તે પછી આગળ....)

શ્રીકૃષ્ણએ સત્યભામાના મહેલની પાસે વિવિધ પ્રકારની સંપદાવાળો તથા યોગ્ય પરિવારજનો સહિત એક સુંદર મહેલ રુક્મિણી માટે આપ્યો. તેમ જ તેને મહેતરાણીઓ, દ્વારપાલિકાઓ તથા સેવકોથી યુક્ત બનાવ્યો. વિવિધ પ્રકારના વાહનો, ઘોડા, રથ બળદો વગેરે આપ્યા તથા પટ્ટરાણીપદથી તેનું ગૌરવ વધાર્યું, તેથી તે ઘણી સંતુષ્ટ થઈ. આ તરફ સત્યભામાને જ્યારે ખબર પડી કે શ્રીકૃષ્ણ બધી જ સ્ત્રીઓને ઝાંખી પાડનાર એક સ્ત્રીને લાવ્યા છે અને તે તેમને અત્યધિક પ્રિય છે ત્યારે તે ઈર્ષ્યાથી પીડિત થઈ, તોપણ ઘણી જ ધીરજથી શ્રીકૃષ્ણને જુદા-જુદા પ્રકારની ક્રીડાઓમાં રમણ કરાવવા લાગી.

કૃષ્ણની વાતોથી શોક્યના સૌભાગ્યનો અતિશય જાણીને સત્યભામાએ તેનું રૂપ-લાવણ્ય જોવાની ઘણી જ ઉત્સુકતા બતાવી અને એકવાર પતિને કહ્યું 'હે નાથ ! મને રુક્મિણી દેખાડો ! કર્ણોની જેમ મારા નેત્રોને પણ હર્ષ ઉપજાવો.' સત્યભામાની વાત સ્વીકારી તેઓ અંતરમાં કાંઈક રહસ્ય છુપાવતા થકા ગયા અને મણિમય વાપિકાના તટ પર રુક્મિણીને ઊભી રાખી પાછા સત્યભામાની પાસે આવી ગયા. ત્યારબાદ તેને કહ્યું કે 'તું ઉદ્યાનમાં પ્રવેશ કર ! હું તારી પ્રિય

રુક્મિણીને હમણાં જ લાવું છું'. આવું કહીને તેમણે સત્યભામાને તો આગળ મોકલી દીધી અને પોતે પાછળથી જઈને ઝાડની ઓથે શરીર છુપાવીને ઊભા રહી ગયા. મણિમય આભૂષણોને ધારણ કરવાવાળી રુક્મિણીને જોઈને સત્યભામાને લાગ્યું કે 'આ દેવી છે' તેથી તેની સામે ફૂલોની અંજલી અર્પી તેના ચરણોમાં પડી પોતાના સૌભાગ્યની અને શોક્યના દુર્ભાગ્યની યાચના કરી. તે ઈર્ષારૂપી શલ્યથી કલંકિત થયેલી હતી. આ જ સમયે શ્રીકૃષ્ણએ આવીને સત્યભામાને કહ્યું, કે "અહા !! બે બહેનોનું નીતિયુક્ત અપૂર્વ મિલન પુરુ થઈ ગયું ?" શ્રીકૃષ્ણના વચનો સાંભળી સત્યભામા સર્વ રહસ્ય પામી ગઈ અને ક્રોધિત થઈ બોલી "અરે ! તમે કેવા છો ? અમારા બંનેનો ઈચ્છાનુરૂપ મેળાપ થાય તેમાં તમારે શું નિસ્બત ?" ત્યારબાદ શ્રીકૃષ્ણના વચનનો સ્વીકાર કરી રુક્મિણીએ સત્યભામાને વિનયપૂર્વક નમસ્કાર કર્યા. તે તો બરાબર જ છે; કારણ કે ઉચ્ચકુળમાં ઉત્પન્ન થયેલ મનુષ્યોમાં વિનય સ્વભાવથી જ હોય છે.. શ્રીકૃષ્ણ લતામંડપોથી સુશોભિત ઉદ્યાનમાં તે બંને રાણીઓ સાથે ઘણો કાળ ક્રીડા કરી પોતાના મહેલમાં પાછા આવી ગયા.

ત્યારબાદ સુખસાગરમાં નિમગ્ન તેમજ પરાક્રમથી સુશોભિત એવા શ્રીકૃષ્ણના અનેક દિવસો તે બંને રાણીઓ સાથે એકસરખા--વ્યતીત થઈ રહ્યા હતા. ત્યારે એક દિવસ અત્યધિક પ્રેમથી યુક્ત હસ્તિનાપુરના રાજા દુર્યોધને એક પ્રિય સમાચાર સાથે પોતાનો દૂત કૃષ્ણ પાસે મોકલ્યો અને કહેવડાવ્યું, કે "આપની રુક્મિણી અને સત્યભામા રાણીઓમાંથી જેને પહેલો પુત્ર અવતરશે, તે જો મારા ત્યાં પુત્રી અવતરશે તો તેનો પતિ થશે." દૂતના આ વચનો સાંભળી શ્રીકૃષ્ણ ઘણા જ પ્રસન્ન થયા અને તેઓએ આ સમાચાર બંને રાણીઓને કહી સંભળાવ્યા.

ત્યારપછી ચતુર્થસ્નાન પછી રુક્મિણી જ્યારે શય્યા પર સૂતી હતી ત્યારે તેણે સ્વપ્નમાં હંસવિમાન દ્વારા આકાશમાં વિહાર કર્યો, જાગૃત થતાં તેણીએ સ્વપ્ન વિશે પતિદેવ શ્રીકૃષ્ણને કહ્યું તેના ઉત્તરમાં શ્રીકૃષ્ણએ કહ્યું કે તને આકાશમાં વિહાર કરનારો મહાન પુત્ર અવતરશે. પતિના વચનો સાંભળી રુક્મિણી,

પ્રાતઃકાલના સુર્યકિરણો પ્રાપ્ત કમલિની સમાન વિકાસને પ્રાપ્ત થઈ. ત્યાર પછી શ્રીકૃષ્ણ તથા અન્ય સમસ્ત નગરજનોના આનંદમાં વૃદ્ધિ કરવાવાળો પુત્ર અચ્યુતેન્દ્ર સ્વર્ગથી ચ્યવીને રુક્મિણીના ગર્ભમાં આવ્યો.

તે જ સમયે સત્યભામાએ પણ સ્નાન કરી ઉત્તમ સ્વપ્નપૂર્વક સ્વર્ગથી ચ્યવેલા પુત્રને પોતાના ગર્ભમાં ધારણ કર્યો. જેમની યશરૂપી લતા વૃદ્ધિગંત થઈ રહી હતી એવા વિકાસ પામતા બંને ગર્ભોએ પોત-પોતાની માતાઓ અને પિતાના પરમ આનંદને વૃદ્ધિંગત કર્યો. પ્રસવનો કાળ પૂર્ણ થતાં રુક્મિણીએ ઉત્તમ મનુષ્યના લક્ષણોથી યુક્ત પુત્ર ઉત્પન્ન કર્યો, તેની સાથો સાથ સત્યભામાએ પણ રાત્રિમાં પુત્રને જન્મ આપ્યો. બંને રાણીઓએ હિતેચ્છુ અને શુભ સમાચાર આપવાવાળા પુરુષો રાત્રિ સમયે એકી સાથે જ શ્રીકૃષ્ણ પાસે મોકલ્યા. તે સમયે શ્રીકૃષ્ણ શયન કરી રહ્યા હતા. તેથી સત્યભામા દ્વારા મોકલવામાં આવેલા સેવકો તેમના મસ્તક પાસે અને રુક્મિણીના મોકલાવેલા સેવકો તેમના ચરણો સમીપ ઊભા રહી ગયા. જ્યારે શ્રીકૃષ્ણ જાગ્યા ત્યારે તેમની દૃષ્ટિ તેમના ચરણોના સમીપ ઊભેલા રુક્મિણીના સેવક ઉપર પડી. સેવકોએ ભાગ્ય-વૃદ્ધિ માટે પહેલાં રુક્મિણીને પુત્ર જન્મના સમાચાર સંભળાવ્યા. જેનાથી પ્રસન્ન થઈ શ્રીકૃષ્ણએ તેમને પોતાના શરીરના આભૂષણો પુરસ્કારરૂપે આપ્યા. ત્યારબાદ જ્યારે શ્રીકૃષ્ણએ પાછળ વળીને જોયું તો સત્યભામાના સેવકોએ તેમની સ્તુતિ કરી અને સત્યભામાની પુત્રોત્પત્તિના સમાચાર સંભળાવ્યા. જેનાથી સંતુષ્ટ થઈ શ્રીકૃષ્ણએ તેમને પણ પુરસ્કારરૂપે ધન આપ્યું.

તે જ કાળે અગ્નિ સમાન દેદીપ્યમાન ધૂમકેતુ નામનો એક મહાબળવાન અસુર આકાશમાર્ગે વિમાનમાં બેસી પસાર થતો રુક્મિણીના મહેલ પર આવ્યો. ત્યાં આવતાં જ તેનું વિમાન થંભી ગયું, જેનાથી આશ્ચર્ય પામી તે નીચે તરફ જોવા લાગ્યો. તે વિભંગાવધિ નેત્રને (જ્ઞાનને) ધારણ કરવાવાળો હતો જ, તેથી


અવધિજ્ઞાન દ્વારા રુક્મિણીના પુત્રને જોતાં તેનાં નેત્રો ક્રોધથી લાલ થઈ ગયાં અને દર્શનરૂપી ઈન્ધનથી તેનો પૂર્વ વૈરાગ્નિ ભડકી ઊઠ્યો. તે પાપીએ આવીને તુરત જ ચુસ્ત સુરક્ષામાં નિયુકત પહેરેદારોને, પરિવારજનોને તથા સ્વયં રુક્મિણીને ગહન નિદ્રામાં નિમગ્ન કરી દીધાં અને પુત્રને ઉઠાવી લીધો તથા પર્વત સમાન ભારે વજનવાળા પુત્રને પોતાની બંને ભૂજાઓથી ઉપાડી લઈ તે મલિન બુદ્ધિ તથા શ્યામરંગનો ધારક મહા અસુર આકાશમાં ઉડી ગયો. આકાશમાં લઈ જઈ વિચારવા લાગ્યો કે આ પૂર્વભવના વેરીને શું હું મારા હાથોથી મસળી નાખું ? કે નખોથી ચીરી નાખી આકાશમાં પક્ષીઓના ભોજન માટે વિખેરી નાખું ? કે મારી સાથે દ્રોહ કરવાવાળા આ શુદ્ર શત્રુનું નાકોના સમૂહથી (ચણા ચાવવારૂપ) મહાભયંકર મગરો તથા (ગ્રાહોના) સમૂહોથી ભરેલા સમુદ્રમાં નાખી દઉ ? અચાનક ધુમકેતુના વિચારોમાં પરિવર્તન આવ્યું અરે આ માંસનો પિંડ તો છે જ, તેને મારવાથી શું લાભ છે ? આને રક્ષકોથી રહિત એમ જ છોડી દેવામાં આવે તો પોતાની જાતે જ મૃત્યુ પામશે. બાળકના પુણ્યથી આવો વિચાર આવતાં તે મહા અસુર ખદિર અટવીને જોઈ નીચે ઉતર્યો, ત્યાં તક્ષશિલાની નીચે બાળકને રાખી તે ધૂમકેતુ નામનો અસુર ધૂમકેતુ તારાની જેમ શીઘ્ર અદૃશ્ય થઈ ગયો.

તે જ સમયે મેઘકૂટ નગરનો વિદ્યાધર કાલસંવર તેની રાણી કનકમાલા સાથે પૃથ્વીના સમસ્ત સ્થળો પર વિહાર કરતો થકો વિમાન દ્વારા આકાશમાર્ગે ત્યાં આવ્યો અને બાળકના પ્રભાવથી તેની ગતિ અટકી ગઈ. 'આ શું છે' એ પ્રમાણે વિચારીને કાલસંવર ખૂબ જ નવાઈ પામ્યો. નીચે ઉતરતાં તેને એક મોટી હલતી શીલા દેખાઈ. સ્વેચ્છાથી શિલા હટાવતાં જ્યારે તેણે શીલાની નીચે અક્ષત શરીર અને કામદેવ સમાન આભાવાળો કાંતિમાન બાળક દેખાયો ત્યારે દયાભાવથી યુક્ત થઈ કાલસંવરે તે બાળકને ઉઠાવી લીધો અને પોતાની રાણીને "તારે પુત્ર નથી તેથી આ તારો પુત્ર આવ્યો" આ પ્રકારના મધુર શબ્દો કહીને

રાણીને આપવા તૈયાર થયો. પહેલાં તો વિદ્યાધરી કનકમાલાએ બંને હાથે સ્વીકાર કરવા હાથ લંબાવ્યા, પરંતુ પછી ચતુર અને દુરંદેશી એવી તે વિદ્યાધરીએ પોતાના હાથ સંકોચી લીધા અને એ રીતે ઊભી રહી ગઈ જાણે કે તે પુત્રને ઈચ્છતી જ ન હોય. ‘‘પ્રિયે ! આ શું છે ?’’ પતિના આ પ્રમાણે કહેવાથી તેણીએ કહ્યું કે ‘‘આપના ઉચ્ચકુળમાં ઉત્પન્ન થયેલા પાંચસો પુત્રો છે, તેથી જ્યારે તેઓ આ અજ્ઞાત કુળવાળા પુત્રને ઉન્મત્ત થઈ થપ્પડ મારશે તે દશ્ય હું કઈ રીતે જોઈ શકીશ ? તેથી મારે નપુત્ર જ રહેવું યોગ્ય છે’.

રાણીનાં આવા વચનો સાંભળી કાલસંવરે તેને સાંત્વના આપી અને કાનનું સુવર્ણ-પત્ર લઈ આ યુવરાજ છે એમ કહી તેને પટ્ટ બાંધી દીધો. ત્યાર બાદ નીતિ-નિપુણ કનકમાલાએ સંતુષ્ટ થઈ તે પુત્ર લઈ લીધો. પુત્ર સહિત બંને મેઘકૂટ નામના શ્રેષ્ઠ નગરમાં પ્રવેશ્યા. અતિશય નિપુણ રાજા કાલસંવરે નગરમાં એવી ઘોષણા કરાવી કે ‘ગૂઢ ગર્ભને ધારણ કરવાવાળી મહાદેવી કનકમાળાએ આજે ઉત્તમ પુત્રને જન્મ આપ્યો છે.’ તદુપરાંત પુણ્યના ભંડારસ્વરૂપ તે પુત્રનો જન્મોત્સવ કરાવ્યો. જન્મોત્સવમાં વિદ્યાધરી સ્ત્રીઓનો સમુહ નૃત્ય કરી રહ્યો હતો અને તેમના ઝાંઝરનો ઝણકાર એક અલગ જ શોભા પ્રગટ કરતો હતો. સુવર્ણ સમાન શ્રેષ્ઠ કાંતિના ધારક હોવાથી તે બાળકનું નામ પ્રદ્યુમ્ન રાખવામાં આવ્યું. ત્યાં સેંકડો વિદ્યાધર કુમારોની સેવા પામતો તે બાળક દિવસે-દિવસે મોટો થવા લાગ્યો.

અહીં દ્વારિકાપુરીમાં જ્યારે રુક્મિણી જાગૃત થઈ તો તેને પુત્રને જોયો નહીં, તેથી વૃદ્ધ ધાવમાતાઓ સાથે તેણે અહીં તહીં તપાસ કરી પણ તેમ છતાં પુત્ર જોવા ન મળ્યો ત્યારે તે જોર-જોરથી આ પ્રમાણે વિલાપ કરવા લાગી. ‘‘હાય રે ! પુત્ર ! તને કોણ હરી ગયું છે ? વિધાતાએ મારા નેત્રોને નિધિની ઝલક માત્ર દેખાડી કેમ છીનવી લીધી ? જરૂર આગલા જન્મમાં મેં કોઈ સ્ત્રીને



શ્રીકૃષ્ણની રાણી રુક્મિણીના પુત્રનું અપહરણ થતા તે શોકમગ્ન થાય છે આ સમાચાર જાણી શ્રીકૃષ્ણ
તથા નારદજી પુત્રને શોધી લાવવાની ખાતરી આપે છે.


પુત્રનો વિરહ કરાવ્યો હશે, નહીં તો કારણ વગર આવું ફળ કેમ પ્રાપ્ત થાય ? રુક્મિણીએ આ પ્રમાણે કરૂણ વિલાપ કરતાં પરિવારના અન્ય લોકો પણ રોવા લાગ્યા અને આ પ્રમાણે બધાના વિલાપથી એક જોરદાર રુદન–ધ્વનિ સંભળાવા લાગ્યો.

તેથી સર્વવૃત્તાંતને જાણીને ભાઈ–બાંધવો અને સુંદર સ્ત્રીઓ સાથે કૃષ્ણ પણ તુરત ત્યાં આવી પહોંચ્યા. રુદનનો ધ્વનિ સાંભળી બળદેવ પણ આવી ગયા. પોતાનું નન્દક નામનું ખડ્ગ લઈ શ્રીકૃષ્ણ પોતાની ભૂજાઓના પરાક્રમની તથા પોતાના પ્રમાદની સ્વયં નિંદા કરવા લાગ્યા. વચન બોલવામાં અતિ ચતુર શ્રીકૃષ્ણ કહેવા લાગ્યા ‘‘દૈવ અને પુરુષાર્થમાં દૈવ જ પરમ બલવાન છે, સંસારમાં આવા અકારણ પુરુષાર્થને ધિક્કાર છે, અન્યથા શું ઉઘાડી તલવારની ધારથી સુશોભિત મારા જેવા વાસુદેવના પુત્રનું કોઈ અન્ય હરણ કરી શકે ?’’ આ પ્રકારે ઘણા જ વાચાળ શ્રીકૃષ્ણએ રુક્મિણીને કહ્યું કે ‘‘હે પ્રિયે ! આ બાબત તું અધિક શોકયુક્ત ન થા. હે ધીર ! ધીરતા ધારણ કર ! જે પુત્ર સ્વર્ગમાંથી ચ્યવીને તારા અને અમારા થકી ઉત્પન્ન થયો છે તે સાધારણ પુત્ર નથી. તે આ સંસારમાં અવશ્ય ભોગોને ભોગવવાવાળો હોવો જોઈએ, તેથી જે પ્રકારે સૂક્ષ્મ દષ્ટિવાન મનુષ્યો આકાશમાં સૂક્ષ્મ બિમ્બને ધારણ કરવાવાળા ચંદ્રમાને શોધે છે તે રીતે હું સ્વજનોના નેત્રોને આનંદકારી એવા તારા પુત્રને લોકમાં સર્વત્ર શોધીશ.’’

આ પ્રમાણે આંસુઓથી જેના બંને નેત્રો (પાંપણો) ઝુલી રહ્યા હતા એવી પ્રિયા રુક્મિણીને શાંત કરી શ્રીકૃષ્ણ પુત્રને શોધવાના ઉપાય વિચારવા લાગ્યા. તે જ સમયે નિરંતર ઉદ્યમી નારદ ઋષિ શ્રીકૃષ્ણની પાસે આવ્યા અને સર્વ સમાચાર સાંભળી શોકવશ ક્ષણભર માટે સ્થિર થઈ ગયા. તેઓએ બધી બાજુથી હિમપ્રપાતથી બળેલા કમળો સમાન મુરઝાયેલા યાદવોનાં મુખ ઘણા આશ્ચર્યથી જોયાં ત્યાર પછી શોક દૂર કરાવીને નારદે શ્રીકૃષ્ણને કહ્યું કે ‘હે વીર ! શોક છોડો હું પુત્રના સમાચાર લાવું છું. અહીં જે અવધિજ્ઞાની

અતિમુક્તક નામના મુનિરાજ હતા તેઓ તો કેવલજ્ઞાની થઈ મુક્તિને પ્રાપ્ત થઈ ચૂક્યા છે તથા ત્રણ જ્ઞાનના ધારક નેમિકુમાર છે તેઓ જાણવા છતાં પણ કાંઈ કહેશે નહીં, ક્યા કારણે નહીં કહે તે આપણે જાણતા નથી. તેથી હું પૂર્વવિદેહક્ષેત્રમાં જઈને શ્રી સીમંધર ભગવાનને પૂછીને પુત્રના બધા સમાચાર તમારા માટે લાવીશ. શ્રીકૃષ્ણને મળીને નારદ ત્યાંથી નીકળીને રુક્મિણીના મહેલે પહોંચ્યા અને ત્યાં શોકરૂપી હિમપ્રપાતથી મ્લાન થઈ ગયેલા રુક્મિણીના મુખ-કમળને જોઈ સ્વયં અંતરથી શોકમગ્ન થઈ ગયા, પરંતુ બાહ્ય ધૈર્ય ધારણ કરીને ઊભા રહ્યા. રુક્મિણીએ ઊભા થઈ તેમનો સત્કાર કર્યો. ત્યારપછી તેઓ રુક્મિણી પાસે આસન પર બેસી ગયા. રુક્મિણી પિતાતુલ્ય નારદને જોતાં ઘણા જોરથી રુદન કરવા લાગી, તે બરાબર જ છે, કારણ કે સજ્જનોના સમીપે જૂનો શોક પણ નવીન સમાન થઈ જાય છે. અત્યંત ચતુર નારદમુનિ, તેના શોક-સાગરને હળવો કરવા માટે જાણે મનને આનંદિત કરતા થકા કહેવા લાગ્યા.

“હે રુક્મિણી ! તું શોક છોડ. ભલે પૂર્વભવનો વૈરી કોઈ પ્રકારે તેનું હરણ કરીને લઈ ગયો છે પણ તારો પુત્ર ક્યાંક જીવિત જરૂર છે. શ્રીકૃષ્ણ અને તારા દ્વારા જેનો જન્મ થયો છે તે જ તે મહાત્માના દીર્ઘાયુષને સૂચિત કરે છે. હે પુત્રી ! તું તો જાણે છે કે આ સંસારમાં પ્રાણીઓને સુખ-દુઃખ ઉત્પન્ન કરવાવાળા સંયોગો મળતા જ રહે છે. પરંતુ જે કર્મોની આધીનતાને જાણવાવાળા છે તથા જ્ઞાન દ્વારા ઉઘડેલા બુદ્ધિરૂપી નેત્રોને ધારવાવાળા છે, એવા યાદવો ઉપર તે સંયોગો અને વિયોગ શત્રુઓ સમાન પોતાનો પ્રભાવ જમાવી શકતા નથી. તું તો જિનશાસનના તત્ત્વની, તેમ જ સંસારની સ્થિતિની જાણકાર છે, તેથી શોકને વશીભૂત ન થા. હું શીઘ્ર જ તારા પુત્રના સમાચાર લાવું છું.” આ પ્રકારે વચનરૂપી અમૃતથી તે કૃશાંગીને સમજાવીને નારદમુનિ





નારદજી પૂર્વ વિદેહના શ્રી સીમંધર ભગવાનના સમવસરણમાં જઈ પ્રદ્યુમ્ન વિષે જાણકારી મેળવે છે.

પુંડરિકિણી નગરીમાં મનુષ્ય, સુર, અસુરોથી સેવિત સીમંધર જિનેન્દ્રના સમવસરણમાં ગયા અને સીમંધર ભગવાનના દર્શન કર્યા. હાથ જોડી મુખથી પવિત્ર સ્તોત્રનું ઉચ્ચારણ કરી તેઓએ નમસ્કાર કર્યા અને ત્યારબાદ તેઓ રાજાઓની સભામાં જઈને બેઠા.

ત્યાં સમવસરણમાં તે સમયે પાંચસો ધનુષ્યની ઉંચાઈવાળા પદ્મરથ ચક્રવર્તી બેઠા હતા. દશ ધનુષ ઉંચા નર-પ્રશંસિત નારદને જોતાં જ તેમને પોતાના હસ્તકમળોથી કૌતુકવશ ઉઠાવી લઈને ભગવાનને પૂછ્યું કે, હે નાથ ! મનુષ્યના આકારનો કીડો કોણ છે ? અને આનું શું નામ છે? તે પછી સીમંધર ભગવાને સર્વ રહસ્ય બતાવ્યું. તેમણે કહ્યું કે આ જમ્બૂદ્વીપના ભરતક્ષેત્રના નવમા નારાયણના હિતમાં પ્રયત્નવંત રહેવાવાળા નારદ છે. આ સાંભળી ફરી ચક્રવર્તીએ પૂછ્યું, કે આ અહીં કેમ આવ્યો છે ? આના ઉત્તરમાં ધર્મચક્રના પ્રવર્તક સીમંધર ભગવાને ચક્રવર્તીને પ્રારંભથી લઈ સર્વ સમાચાર કહ્યા. સાથે સાથે એ પણ કહ્યું કે તે બાળકનું નામ પ્રદ્યુમ્ન છે. તેને સોળમું વર્ષ થતાં સોળ લાભોને પ્રાપ્ત કરશે ત્યારે તેનો પોતાનાં માતા-પિતા સાથે પુનઃ મેળાપ થશે— મળશે. પ્રજ્ઞપ્તિ નામની મહાવિદ્યાથી જેનું પરાક્રમ ચમકી ઉઠશે એવો આ પ્રદ્યુમ્ન પૃથ્વી પર સમસ્ત દેવો માટે પણ અજેય થઈ જશે.

નારદ ત્યાંથી સીમંધર ભગવાનને નમસ્કાર કરી આકાશમાર્ગે પ્રયાણ કરી મેઘકૂટ નામના પર્વત પર આવી પહોંચ્યા. ત્યાં પુત્રલાભના ઉત્સવમાં નારદે કાલસંવર રાજાનું અભિવાદન કર્યું તથા પુત્રવતી કનકમાલા નામની દેવીની સ્તુતિ કરી. સેંકડો કુમારો જેની સેવા કરી રહ્યા હતા એવા રુક્મિણીના પુત્રને જોઈ નારદને ઘણી જ પ્રસન્નતા થઈ અને પ્રસન્નતાના વેગને મનમાં છુપાવતા થકા પરમ રોમાંચને પ્રાપ્ત થયા. કાલસંવર વગેરેએ નમસ્કાર કરી નારદનું સન્માન કર્યું. તદંતર આશીર્વાદ આપી તેઓ તુરત જ આકાશમાં ઉડીને દ્વારિકા



નારદજી સીમંધર ભગવાન પાસે સાંભળેલી વાત અનુસાર વિજયાર્ધ પર્વતના કાલસંવરના મહેલમાં જઈ પ્રદ્યુમ્નને સ્વયં જોઈ પ્રસન્ન થાય છે.


આવી પહોંચ્યા. ત્યાં આવીને જે પ્રકારે વિદેહમાં ગયા, જે જોયું અને જે સાંભળ્યું હતું તે બધુ જ પ્રગટ કરી નારદે પ્રદ્યુમ્નની કથા કહી યાદવોને માટે હર્ષ પ્રદાન કર્યો. તે પછી જેનું મુખકમળ ખીલી રહ્યું હતું એવા નારદે રુક્મિણી રાણીને જોઈને તેને સીમંધર જિનેન્દ્ર પાસેથી સાંભળેલા સર્વ સમાચાર સંભળાવ્યા, કે હે રુકિમણી મેં વિદ્યાધરોના રાજા કાલસંવરના ઘરે ક્રીડા કરતા તારા પુત્રને જોયો છે. તે દેવકુમાર સમાન અત્યંત રૂપવાન છે. સોળ લાભોને પ્રાપ્ત કરી તથા પ્રજ્ઞપ્તિ વિદ્યાનો સંગ્રહ કરી તમારો તે પુત્ર  સોળમા વર્ષે અવશ્ય અહીં આવી જશે.

હે રુક્મિણી ! જ્યારે તેનો આવવાનો સમય થશે ત્યારે તારા ઉદ્યાનમાં અસમયે પ્રિય સમાચારોને સૂચિત કરવાવાળો મયૂર અત્યંત ઊંચા સ્વરે ટહુકવા લાગશે. તારા ઉદ્યાનમાં જે મણિમય વાપિકા સૂકી પડી છે તે તેના આગમન સમયે કમળોથી સુશોભિત જળથી ભરાઈ જશે. તારો શોક દૂર કરવા માટે શોક દૂર થવાની સૂચના આપતું અશોક વૃક્ષ અસમયે જ અંકુરો અને પલ્લવોને ધારણ કરવા લાગશે. તારા ત્યાં જે મૂંગા છે તેઓ ત્યાં સુધી મૂંગા રહેશે જ્યાં સુધી પ્રદ્યુમ્ન દૂર છે, તેના નીકટ આવતાં જ તેઓ મૂંગાપણું છોડી બોલવા લાગશે. આ પ્રગટ લક્ષણોથી તું પુત્રના આગમનનો સમય જાણી લેજે. સીમંધર ભગવાનના વચનોને અન્યથા માનીશ નહીં. આ પ્રમાણે નારદના હિતકારી વચનોને સાંભળી રુક્મિણીના સ્તનોથી દૂધ ઝરવા લાગ્યું. તે શ્રદ્ધાપૂર્વક પ્રણામ

કરી કહેવા લાગી, કે "હે ભગવાન!, વાત્સલ્ય પ્રગટ કરવામાં જેનું ચિત્ત સદા ઉદ્યમી રહે છે એવા આપશ્રીએ આજે મારા ઉત્તમ બંધુજનનું કાર્ય કર્યું છે, જે બીજાઓ માટે સર્વથા દુષ્કર છે. હે મુનિ ! હે ધીર ! હે નાથ ! હું પુત્રની શોકાગ્નિમાં નિરાધાર બળી રહી હતી ત્યારે આપે સહારો આપી મને બચાવી લીધી છે. સીમંધર ભગવાને જે કહ્યું છે તે એમ જ છે અને મને વિશ્વાસ થઈ ગયો છે, કે મારા જીવિત રહેતાં પુત્રનું અવશ્ય દર્શન થશે. હું મારું હૃદય કઠોર કરી જિનેન્દ્ર ભગવાનના વચનો અનુસાર જીવિત રહીશ. હવે આપ ઈચ્છાનુસાર પધારો અને મને આપના દર્શન ફરી પ્રાપ્ત થાય એ વાતનું ધ્યાન જરૂર રાખશો." આ પ્રકારે નારદને નિવેદન કરી રુક્મિણીએ તેમને પ્રણામ કર્યા અને નારદ આશીર્વાદ આપી ચાલ્યા ગયા. ત્યારબાદ રુક્મિણી શોક છોડી શ્રીકૃષ્ણની ઈચ્છાને પૂર્ણ કરતી થકી પહેલાંની જેમ જ રહેવા લાગી.

આ બાજુ પ્રદ્યુમ્નકુમાર કાલસંવર અને કનકમાલાને ત્યાં વૃદ્ધિ પામતો થકો યુવાવસ્થાને પ્રાપ્ત કરી કામદેવની જેમ શોભવા લાગ્યો. પૂર્વસંસ્કારવશ કનકમાલા પ્રદ્યુમ્નપર મોહિત થવા લાગી જેથી તેનો પ્રદ્યુમ્ન ઉપરનો પુત્રત્વનો મોહ નષ્ટ થઈ તે મોહે કામદેવનું સ્વરૂપ ધારણ કરી લીધું. પ્રદ્યુમ્નની બુદ્ધિમતાએ માતાના અંતરમાં ઊભો થયેલો આ બદલાવ જાણી લીધો તેથી માતા પાસેથી રોહિણી અને પ્રજ્ઞપ્તિ વિદ્યાઓને ચાલાકીથી પ્રાપ્ત કરી લીધી તથા કામાસક્ત માતાને યોગ્ય શિક્ષા પણ આપી. જેથી કનકમાલાએ સ્ત્રીચરિત્ર દ્વારા પ્રદ્યુમ્ન ઉપર ખોટા આરોપો નાખી કાલસંવર અને તેના ૫૦૦ કુમારોને પ્રદ્યુમ્નની વિરુદ્ધ કરી દીધા. જેથી એક તરફ પ્રદ્યુમ્ન અને બીજી તરફ કાલસંવર તેના ૫૦૦ પુત્ર અને સમસ્ત સેના વચ્ચે ભયંકર યુદ્ધ થયું. તેમાં પ્રદ્યુમ્નની જીત થઈ.

સોળ વર્ષનો કાળ પૂર્ણ થતા નારદજી ત્યાં આવ્યા અને આકાશમાં બેઠા-બેઠા પુત્રનો માતા-પિતા સાથેનો અણબનાવ તથા લડાઈ જોઈને ભગવાનની વાણી ચરિતાર્થ થતી દેખી પ્રસન્ન થયા. લડાઈમાં જીતવા છતાં પ્રદ્યુમ્નને માતા-


કુંવર પ્રદ્યુમ્ન ૧૬ વર્ષની ઉંમરે દ્વારિકામાં સ્વયં ઉપસ્થિત થઈ પોતાની માતાને વંદન કરે છે.

પિતાથી અલગ અને એકલા થઈ જવાના ભયથી શોકગ્રસ્ત જોઈને નારદજી તેની પાસે આવ્યા તથા પ્રદ્યુમ્નને તેની સાચી માતા રુક્મિણી તથા સાચા પિતા શ્રીકૃષ્ણ વિષે બધુ બતાવી દીધું અને પ્રદ્યુમ્નને માતા-પિતા પાસે લઈ જવા માટે ઉદ્યમવંત થયા. રસ્તામાં સ્થળે સ્થળે જીત પ્રાપ્ત કરતો થકો પ્રદ્યુમ્ન માતા-પિતાને પ્રણામ કર્યા અને દ્વારિકામાં જ રહેવા લાગ્યા.

કુમાર પ્રદ્યુમ્નને અંતરંગથી વૈરાગ્ય ઉત્પન્ન થતાં તેમણે પિતા શ્રીકૃષ્ણ, માતા રુક્મિણી તથા રાણીઓથી વિદાઈ લઈ, રાજ્યના ભોગોને પણ તૃણવત્ જાણી તેનો ત્યાગ કરી ભગવાન નેમિનાથ સમક્ષ ગિરનાર પર્વત ઉપર જૈનેશ્વરી દિગંબર દીક્ષા અંગીકાર કરી તથા ઉગ્ર આત્મસાધના કરી કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી તેમજ યોગનિરોધ કરી ગિરનાર પર્વત પરથી જ સાદિ અનંત એવી સિદ્ધદશાને પ્રાપ્ત કરી.

આ કથા પરથી એ બોધ પ્રાપ્ત થાય છે કે પ્રદ્યુમ્નનું બુરા ભાવોના ફળમાં બાળવયે જ તેના શત્રુએ હરણ કર્યું તથા ભલા ભાવના ફળમાં તેમને અનેક વિદ્યાઓ વગેરે અનુકૂળ સામગ્રી પ્રાપ્ત થઈ તથા આત્મશુદ્ધિમય સાધનાના ફળમાં તેઓ મુક્તિ પામ્યા. તેથી આપણે પણ આપણા ભાવોનું ફળ વિચારીને હિતરૂપ ભાવોમાં લાગવું જોઈએ.

# ધન્ય તે હાથી

મહારાજ ભરત (રામચંદ્રના ભાઈ) સ્વર્ગને પણ લજ્જા પમાડે, તેવી અયોધ્યાનગરીમાં ઈન્દ્રસમાન રાજ્યલક્ષ્મી પામીને પણ ઉદાસ થઈ નિરંતર વિષયભોગોની નિંદા (અણગમો) કર્યા કરતા હતા. તથા વારંવાર સંસારની અનિત્યતા, અશરણતા, એકત્વ વગેરે બાર પ્રકારની ભાવનાઓનું ચિંતન કરી સંસારથી વૈરાગ્યને દૃઢ કર્યા કરતા હતા. જે પ્રમાણે વનમાં જવાની અત્યંત બળવાન ઈચ્છા રાખવાવાળો સિંહ પાંજરામાં પડ્યો પડ્યો અત્યંત ખિન્ન તથા ઉદાસ રહે છે, તે જ પ્રમાણે ભરતજીને ગૃહવાસ ત્યાગીને વનમાં મહાવ્રત ધારણ કરવાની તીવ્ર ઈચ્છા વર્તતી હતી, પરંતુ વિવશ થઈ પાંજરામાં રહેલા સિંહ સમાન ઘરમાં ભોગોની સામગ્રીથી ઉદાસ રહેતા હતા. જોકે રાજ્યનું શાસન કરતા હતા તથાપિ તેમાં તેમને કોઈ મમત્ત્વ નહોતું. તેઓ જળમાં કમળપત્રવત્ અલિપ્ત હતા.

એકવાર ભરતજી શાંત ચિત્ત થઈ ગૃહત્યાગ કરી દીક્ષા લેવા ઉદ્યમી થયા, પરંતુ માતા કૈકેયીના કહેવાથી શ્રી રામચંદ્રજીએ તેમને યેનકેન પ્રકારે મહાવ્રત ધારણ કરતાં રોકી લીધા. ભરતજીએ શ્રીરામને કહ્યું કે "આપના પ્રસાદથી આપણા ઘરમાં જ સ્વર્ગ સમાન સુખ-ભોગો છે, પરંતુ તે સર્વેમાં હવે મને રુચિ નથી. આ સમસ્ત સંસાર અત્યંત વિષમ છે. આ સંસાર સમુદ્રમાં જન્મ-મરણરુપી તરંગો નિરંતર ઊઠતા જ રહે છે. રાગ-દ્વેષરૂપી ભયંકર જળચર પ્રાણીઓ તેમાં નિવાસ કરે છે. રતિ-અરતિરૂપ ખારા જળથી જે પરિપૂર્ણ (ભરપૂર) છે તથા જેમાં શુભ-અશુભરૂપી ચોરો વિચરે છે, તેથી હું મુનિદશારૂપી જહાજ દ્વારા આ ભયાનક સંસાર સાગરને પુરુષાર્થપૂર્વક પાર કરવા ઈચ્છું છું.





ત્રિલોકમંડન હાથી એકવાર પાગલ થતા નગરમાં હાહાકાર મચાવે છે. ભરતજીને જોતા જ હાથીને જાતિસ્મરણ થતા શાંત થઈ જાય છે.

પિતાના વચનનું પાલન કરી ઘણા દિવસો રાજ્ય-સંપદા ભોગવી પ્રજાનું પુત્ર સમાન પાલન કર્યું. ગૃહસ્થને અનુરૂપ ધર્માચરણ કરી સાધુઓની સેવા કરી. હવે તો જે પિતાજીએ કર્યું એમ જ હું પણ કરીશ. આવું કહી તે ભરતજી વૈરાગ્યપૂર્વક ઊભા થઈ ગયા.

લક્ષ્મણે ભરતનો હાથ પકડી લીધો. સમસ્ત ભાભીઓએ આવીને ભરતને અનેક પ્રકારે સમજાવ્યા તથા તેમને જળ-ક્રીડા માટે સરોવર પર લઈ જવાયા. ભરતજીએ કોઈ પર પણ જળ ન છાંટ્યું, પરંતુ નિર્મળ જળથી સ્નાન કરી શુદ્ધ વસ્ત્રો પહેરી ભગવાનની પૂજા કરી. આ જ સમયે ત્રૈલોક્યમંડન હાથી (રાવણનો એ હાથી જેના પર બેસીને રામચંદ્રજી લંકાને જીત્યા પછી અયોધ્યા આવ્યા હતા.) એકાએક બંધનો તોડી ભયંકર ગર્જનાઓ કરતો નગરના દરવાજા તોડીને તોફાને ચઢ્યો હતો, પરંતુ ભરતજીની સમક્ષ આવતાં જ પરમ શાંત થઈ ઊભો રહી ગયો. તેને એકાએક પૂર્વજન્મનું સ્મરણ થઈ આવ્યું. તેથી મનમાં વિચારવા લાગ્યો કે "આ ભરત મારો પરમ મિત્ર છે, છઠ્ઠા સ્વર્ગમાં અમે બંને એક સાથે જ હતા. પુણ્યના પ્રસાદથી તે ઉત્તમ પુરુષ થયો છે જ્યારે અશુભકર્મના ઉદયથી હું હાથી થયો છું. ધિક્કાર છે મારી આ પશુપર્યાયને ! પરંતુ હવે શોક કરવાથી શુ લાભ ? હવે તો એવો ઉપાય કરું કે જેનાથી આત્મકલ્યાણ થાય." આ પ્રમાણે મનમાં વિચારતો ગજેન્દ્ર પાપોથી વિરક્ત થઈ આત્મકલ્યાણ માટે પ્રયત્નશીલ થયો.


શ્રી રામ-લક્ષ્મણ ધર્મધ્યાનમાં લવલીન રાવણના આ ગજરાજ ત્રૈલોક્યમંડનને વિવિધ આભૂષણોથી સુશોભિત કરી નગરમાં લઈ આવ્યા. હાથી અન્ન-જળ ત્યાગી ફરી ભરતજી પાસે આવીને ધ્યાનારૂઢ થઈ ઊભો રહી ગયો. મહાવતો અનેક પ્રકારે હાથીને રીઝવવા લાગ્યા, પરંતુ તે તો નિશ્ચળ જ ઊભો રહ્યો. શ્રી રામ-લક્ષ્મણ ગજરાજની આ ચેષ્ટા જોઈ ચિંતિત થયા.




રામચંદ્રજી પોતાના ભાઈઓ સાથે ત્રિલોકમંડન હાથી પર બેસી દેશભૂષણ-કુલભૂષણ કેવળીના દર્શને જાય છે.

બીજી તરફ આ જ સમયે ભગવાન દેશભૂષણ-કુલભૂષણ કેવળી—જેમનો ઉપસર્ગ વંશસ્થલ પર્વત ઉપર શ્રી રામ-લક્ષ્મણે નિવાર્યો હતો—તેઓ અયોધ્યાના મહેન્દ્રોદય નામના વનમાં આવી બિરાજમાન થયા.

કેવળી ભગવાન શ્રી કુલભૂષણ-દેશભૂષણના આગમનની વાત જાણી શ્રી રામ-લક્ષ્મણ, ભરત, સપરિવાર સુગ્રીવ વગેરે વિદ્યાધરો સાથે ત્રૈલોક્યમંડન હાથી પર બેસી તેમની વંદના અર્થે મહેન્દ્રોદય વનમાં આવ્યા. કેવળી ભગવાનને નમસ્કાર કરી બધા વિનયપૂર્વક પોતપોતાને યોગ્ય સ્થાને બેસી ગયા. ભગવાનનો ઉપદેશ સાંભળી લક્ષ્મણજીએ કેવળી ભગવાનને પૂછ્યું, કે "હે પ્રભો! આ ત્રૈલોક્યમંડન હાથી ક્યા કારણે બંધનો તોડી ક્રોધિત થયો ? તથા ત્યારબાદ તત્કાળ કેમ શાંતભાવને પ્રાપ્ત થયો ?" દેશભૂષણ કેવળીની દિવ્યધ્વનિ ખરી તેમાં તેઓએ કહ્યું કે "પહેલાં તો આ હાથી લોકોની ભીડ જોઈને ક્ષોભિત થયો; પરંતુ ભરતને જોઈ એકાએક પૂર્વભવનું સ્મરણ આવતાં ભરતને પોતાની દેવપર્યાયનો સાથી જાણી તેની સામે અત્યંત શાંતદશાને પ્રાપ્ત થયો." આ પ્રમાણે કહી ભગવાને ભરત તથા ત્રૈલોક્યમંડન હાથીનું સૂર્યોદય અને ચંદ્રોદય નામના જન્મથી લઈ




કેવળીની સભામાં દિવ્યધ્વની સાંભળીને ભરતજી દીક્ષિત થાય છે તથા લક્ષ્મણજી હાથીની દશા જોઈ તેના વિષે કેવળી ભગવાનને પ્રશ્ન પૂછી જાણકારી મેળવે છે. ત્રિલોકમંડન હાથી કેવળી ભગવાન સમક્ષ શ્રાવકના વ્રત અંગીકાર કરે છે.



વૈરાગી શ્રાવક, હાથી ત્રિલોકમંડન માસોપવાસના પારણાર્થે નગરમાં આવતાં નગરજનો
તેને અત્યંત ભક્તિપૂર્વક શુદ્ધ આહાર-જલથી પારણું કરાવે છે.

અભિરામ અને મૃદુમતિના જન્મ સુધીનું સમસ્ત વૃત્તાન્ત બતાવ્યું. તેમાં દર્શાવ્યું કે મૃદુમતિનો જીવ ત્રૈલોક્યમંડન હાથી તથા અભિરામનો જીવ ભરત થયો છે. આ બંને, દેવ અને મનુષ્ય પર્યાયોમાં અનેક જન્મોથી પરસ્પર મિત્રો છે. ભરતજી તો ચરમશરીરી છે, તેથી હવે જન્મ લેશે નહીં તથા આ હાથી શ્રાવકનાં વ્રતો પાળી સમાધિમરણ કરી સ્વર્ગમાં દેવ થશે, તે પણ નિકટભવ્ય છે.

શ્રી દેશભૂષણ કેવળીની દિવ્યધ્વનિ દ્વારા ભરત તથા ત્રૈલોક્યમંડન હાથીના અનેક પૂર્વભવોનું સવિસ્તાર વૃત્તાંત સાંભળીને શ્રીરામ-લક્ષ્મણ વગેરેને ઘણું જ આશ્ચર્ય થયું. સુયોગ પામી નરેન્દ્ર ભરત પરમ વૈરાગ્યને પ્રાપ્ત કરી કેવળી ભગવાનને પ્રણામ કરી દિગંબર મુનિ થયા. તેમની સાથે અનેક રાજાઓ પણ સંસારથી ઉદાસ થઈ મુનિ થયા. ભરતના વૈરાગ્યથી માતા કૈકેયી પ્રથમ તો અત્યંત વિલાપ કરવા લાગ્યાં, પરંતુ શ્રી રામ-લક્ષ્મણ દ્વારા સમાધાન કરાતાં પોતાની સ્ત્રી પર્યાયને ધિક્કારતાં થકાં સંસારથી વિરકત થઈ પૃથ્વીમતી આર્યિકાની સમીપ ત્રણસો સ્ત્રીઓ સહિત આર્યિકા થયાં. ત્રૈલોક્યમંડને કેવળી ભગવાનની સમીપ શ્રાવકનાં વ્રત ધારણ કર્યાં. તે પણ ક્યારેક પક્ષોપવાસ તથા ક્યારેક માસોપવાસ કરી સુકાયેલા પર્ણોથી પારણા કરવા લાગ્યો. ક્યારેક નગરમાં જઈ શુદ્ધ અન્ન-જળથી પારણું કરતો હતો. આ પ્રમાણે વૈરાગ્યરૂપી ખૂંટાથી બંધાઈને ઉગ્ર તપશ્ચરણ કરવા લાગ્યો. અંતિમ સમયે સમાધિમરણ કરી છઠ્ઠા સ્વર્ગમાં દેવ થયો અને નિકટ ભવિષ્યમાં મોક્ષ પ્રાપ્ત કરશે.

મહામુનિ ભરત પૃથ્વી સમાન કાયા ધારણ કરી નિર્મમત્વ થઈ ઉગ્ર તપ કરવા લાગ્યા. તપ તથા સંયમના પ્રભાવથી શુક્લધ્યાન દ્વારા કેવળજ્ઞાન પ્રાપ્ત કરી અનેક જીવોને મોક્ષમાર્ગમાં લગાવી સ્વયં મોક્ષપદને પ્રાપ્ત થયા. તેમની સાથે જે રાજાઓ મુનિ થયા હતા તેમાંથી કોઈ તો મોક્ષે ગયા, કોઈ અહમિન્દ્ર થયા અને અનેક સ્વર્ગોમાં ઉત્કૃષ્ટ દેવો થયા.

*


અનુભૂતિ તીર્થ મહાન, સ્વર્ણપુરી સોહે
યહ કહાનગુરુ વરદાન, મંગલ મુક્તિ મિલે.